નવેમ્બર-૨૦૨૩
વર્ષ : ૧૬
અંક : ૦૫
મુલ્ય : રૂા. ૨૦/-

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

સહ વીર્યં કરવાવહૈ

# સેતુ સમાજ સંદેશ

*Unity is our Strength*

(માસિક)



સર્વે સન્માનનિય સમાજબંધુઓ,

જય સમાજ સહ સાદર વંદન... રામ રામ....

વિક્રમ સંવત ૨૦૮૦નું નૂતન વર્ષ આપ સૌના જીવનમાં નવી આશા - ઉમંગ સાથે રિદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિ એવં શાંતિ-સુરક્ષા, તંદુરસ્ત સ્વાસ્થ્ય, સદ્‌ભાવના લાવે તેવા શુભ સંદેશ સાથે સર્વે સમાજબંધુઓને દીપાવલી પર્વ અને નવા વર્ષની હાર્દિક શુભકામના...

**શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા**
**પ્રમુખશ્રી મહાસભા - નાગપુર**



ચાલો રાયપુર (છત્તીસગઢ) પધારો રાયપુર રાયપુર (છત્તીસગઢ) ચાલો રાયપુર રાયપુર (છત્તીસગઢ)

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## ત્રિ-વાર્ષિક અધિવેશન એવં વિરાટ સગપણ સંમેલન

તા. ૨૩, ૨૪, ૨૫, ડિસેમ્બર-૨૦૨૩,

If undelivered please return to :
Setu Samaj Sandesh
C/o. Shree K.G.K. Samaj Bhavan
Nr. Townhall,
ANJAR - KUTCH 370 110.
Ph. : (02836) 246511
RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025
Posted at S.O. BHUJ on 2nd of Every Month.







Late Karmsinh Madhavji Tank
(Sinogra)

**Mr. Prafulchandra K. Tank**
Mob: +91 9825053258

**Mr. Kishan P. Tank**
Mob: +91 9925811599

KCI

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com



|| વિદ્યાદાન મહાદાન || || પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ || || સા વિદ્યા યા વિમુક્તયે ||

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઈ રહ્યું છે. હાલે ધો. ૫ થી કોલેજકક્ષા સુધીની વિદ્યાર્થીનીઓને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે છે.

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઈ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.



'સમાજરત્ન' શ્રદ્ધેય
સ્વ. હિરજીભાઇ ખીમજીભાઇ
ચૌહાણ - રત્નાગીરી

: પ્રેરણા સ્ત્રોત :

દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

# સેતુ સમાજ સંદેશ

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

'સમાજરત્ન'
શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ
સોલંકી - માધાપર



વર્ષ : ૧૬ અંક : ૦૫ નવેમ્બર-૨૦૨૩

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી :
વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

(Subject To Anjar Jurisdiction Only)

:: સમાજ સંરક્ષક ::



ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

: માનદ્ તંત્રી-મુદ્રક-પ્રકાશક :



વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8, કામધેનુ સોસાયટી-1,
અંજાર (કચ્છ) 370 110 M. 9408244644, 8160121930

: માલિક :



યોગેશભાઈ મગનભાઈ ચાવડા
પ્રમુખ શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા

અધ્યક્ષ, સેતુ સમાજ સંદેશ સંચાલન સમિતિ



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9909069057

:: પથદર્શક ::



સ્વ. ભરતભાઈ વલમજીભાઈ વાઢેર
અંજાર (કચ્છ)

માનદ્ સંયોજક (Coordinator)
વિનોદ કેશવજીભાઈ પઢિઆર

પોસ્ટ એવં પ્રિન્ટીંગ
વિનોદ લીલાધરભાઈ ચૌહાણ

લવાજમ-વિજ્ઞાપન
અજય પ્રાગજીભાઈ પઢિઆર

સભ્યશ્રીઓ : વિનોદ શાંતિલાલ જેઠવા વિજય પ્રાગજીભાઈ પઢિઆર પ્રતિક દિનેશભાઈ ટાંક ગિરીશ મહેશભાઈ પરમાર


સૌ સમાજબાંધવોને ''ટીમ સેતુ સમાજ સંદેશ'' તરફથી નૂતન વર્ષાભિનંદન ! વિ.સં. ૨૦૮૦નું વર્ષ આપ સૌ માટે ફળદાયી અને ખુશીઓનો પ્રકાશપુંજ ફેલાવનારું બની રહે તેવી શુભકામના... આપણા સનાતન ધર્મના દરેક તહેવારો કોઇને કોઇ સંદેશ આપે છે અને સંસ્કૃતિ તેનું રખોપું કરે છે. ''દિપ સે દિપ જલે...'' અને ''તમસો મા જ્યોતિર્ગમય'' એ પ્રકાશના પર્વ દિપાવલીનો સંદેશ છે. ભગવાન શ્રી રામ, લક્ષ્મણ અને જાનકી ૧૪ વર્ષનો વનવાસ પુરો કરી અયોધ્યામાં પ્રવેશ્યા ત્યારે નગરવાસીઓએ દિપમાલાઓ પ્રગટાવી આતશબાજી કરીને આનંદ-ઉત્સાહભેર ઉત્સવ મનાવેલો તે દિવાળી પર્વ - જીવનમાં ડગલેને પગલે અનુભવાતા ઇષ્ટ અને પ્રવેશતી ખુશીઓનું આપણે મનોમન વારંવાર સ્વાગત કરીએ પણ, વર્ષમાં એક વખત ઉત્સવરૂપે સ્વાગત કરીએ તે દિવાળી-દિપાવલી માત્ર એકજ પર્વ નથી પણ પર્વોની હારમાળા છે. જે વાઘબારસથી લાભપાંચમ સુધી ઉજવાય છે. જેમાં આવતા દરેક પર્વનું એક શાસ્ત્રોક્ત અને ઐતિહાસીક મહત્વ છે. એટલે જ દિપાવલીને પર્વોની મહારાણી કહેવામાં આવે છે. તેમાં પણ નૂતન વર્ષનું અનેરૂ મહત્વ છે. એક સમય એવો હતો કે નૂતન વર્ષના મંગલ પ્રભાતે લોકો રામ-રામ કરી શુભેચ્છા પાઠવવા એકબીજાના ઘરે જતા તેનો આનંદ કાંઇક અનેરો હતો. આજના ટેકનોલોજી યુગમાં તેનું સ્થાન ઇન્ટરનેટએ લીધું છે. માધ્યમ કોઇપણ હોય, હૃદયનો શુભ ભાવ અને અંતરથી અપાતી શુભેચ્છાઓ એકબીજાને લાગણીના તંતુથી જોડી રાખવાનું કામ કરે છે. આપણો સમાજ પણ ઉત્સવ પ્રિય સમાજ છે. દરેક ઉત્સવોને ઉમંગથી ઉજવે છે. ભારત વર્ષના વિવિધ પ્રદેશોમાં ત્યાંની પરંપરા અનુસાર વિવિધ સ્વરૂપે થતી હોય પણ તેની ઉજવણીનો ઉદ્દેશ સાર્થ( હોય છે. દિપોત્સવી પર્વોની પૂર્વે આપણે ઘરની સફાઇ કરીને વર્ષ દરમિયાન ભેગા થયેલા નકામા કચરાનો નિકાલ કરીએ છીએ. ઠીક એ રીતે જ વર્ષ દરમિયાન ઉભી થયેલી કડવાશો, માઠા અનુભવો અને વૈમનસ્યને તિલાંજલી આપવાનું કામ આપણે કરીએ. નૂતન વર્ષના પ્રારંભે મનમાં રહેલા નકારાત્મક વિચારોને વિદાય કરીએ અને હકારાત્મક ઉર્જાનો જીવનમાં સંચાર કરીએ. આપણા સંખ્યાની દષ્ટિએ નાના પરંતુ ગુણવત્તાની દષ્ટિએ વિશાળ સમાજને વધુ સંગઠીત, સકારાત્મક અને ઉર્જાસભર બનાવવાનો સંકલ્પ કરીએ... સમાજહિતના સંકલ્પરૂપી દિવડાઓ આપણા સૌના હૃદયમાં માત્ર એક વર્ષ પૂરતા નહીં પણ સદાકાળ ઝળહળતા રહે તેવી શુભકામના સહ... નૂતન વર્ષાભિનંદન... !

**- વિનોદ લીલાધર ચૌહાણ (પ્રભારી, પ્રિન્ટીંગ અને પોસ્ટિંગ)**


મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૨૦૦
આજીવન લવાજમ : ₹ ૧૫૦૦
મહાસભા વેબસાઇટ
www.kgksamaj.org

રકમ કોઇપણ Bank of Baroda - Anjar ની શાખામાં "Setu Samaj Sandesh" ના
Saving A/c. No. 03740100017955
IFSC Code - BARB0ANJARX (5th Character is Zero) માં ભરી શકાય છે.
E-mail : setusamajsandesh@gmail.com Visit us on at : www.setusamajsandesh.org

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S./Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂ નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.



Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા




પ્રમુખશ્રી મહાસભા
શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા
'અંબર', વાત્સલ્ય ભૂમિ, વાઠોડા,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) 35
Mob. 9373129642

સહ વીર્યં કરવાવહૈ

મહામંત્રીશ્રી મહાસભા
શ્રી વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર
પ્લોટ નં. 26-બી, બાલાજીનગર-1
અંજાર (કચ્છ) 370 110
Mob. 09978790488

**Regd. Office : 22, Hysham Road, Kolkata - 700 020 (W.B.)**

**Main Office :** Shri Kshatriya Gyati Sewa Samiti, Opp. Satkar Hotel, Civil Station Road, Po. Raipur (C.G.) 492009. **Ph./Fax : 0771 - 4098024**

**NAGPUR Office :** "AMBER", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35. **Mob. 937312642** **ANJAR Office :** Shop No. 5, Balaji Chambers - 2, Below Hotel Payal, Po. ANJAR (Kutch) 370 110, **Mob. 9978790488**


## શુભ દિપાવલી એવં નૂતન વર્ષાભિનંદન...



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના સમસ્ત સમાજના સર્વે સન્માનનીય વડીલો, ભાઈ-બહેનોને દિપાવલીની અંતરમનની શુભકામના એવં વિ.સં. ૨૦૮૦ નૂતન વર્ષના સહર્ષ અભિનંદન પાઠવું છું. સૌ સમાજબાંધવો માટે નૂતન વર્ષ ખૂબજ પ્રગતિમય રહે, દરેક ક્ષેત્રમાં શુભફળ આપનારું, યશસ્વી અને આરોગ્યપ્રદ નિવડે તેવી પ્રભુશ્રી રામ અને આપણા સૌના કુળદેવીશ્રીને નતમસ્તકે પ્રાર્થના કરું છું. વિ.સં. ૨૦૭૯નું વર્ષ મહાસભા અને તેમની સંલગ્ન દરેક સંસ્થાઓને સમાજસેવા અને સમાજના સર્વાંગી ઉત્કર્ષના કાર્યોમાં સંપૂર્ણ સફળતા આપનારું નિવડે તેવી શુભકામના પાઠવું છું.



**શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા**
પ્રમુખશ્રી
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના મહાકુંભ સમાન ત્રિ-વાર્ષિક અધિવેશન અને મંગળ પરિચયની સાથે અનેકવિધ કાર્યક્રમોનો શુભગ સમન્વય રાયપુર મુકામે તા. ૨૩,૨૪,૨૫ ડીસેમ્બર-૨૦૨૩ના ત્રણ દિવસ દરમ્યાન ભવ્યાતિભવ્ય આયોજન દ્વારા ઉજવવા જઈ રહ્યા છીએ. મહાસભાના સર્વે કાર્યવાહક સભ્યો, પ્રતિનિધિઓ તેમજ અખિલ ભારતીય યુવા મહામંડળ અને અખિલ ભારતીય મહિલા મહામંડળના સર્વે હોદ્દેદારો અને સભ્યશ્રીઓ તેમજ દરેક ઘટકના પ્રમુખશ્રીઓ અને સર્વે સમાજબાંધવોને અનિવાર્યપણે હાજરી આપી સમાજ સંગઠનના પાવન કાર્યના સહભાગી બનવા આત્મીય આમંત્રણ આપવામાં આવે છે.

**વિનોદભાઈ એમ. ખોડિયાર**
વ. મહામંત્રીશ્રી, મહાસભા

**વિનોદભાઈ કે. પઢિઆર**
મહામંત્રીશ્રી, મહાસભા

# પધારો રાયપુર ઘટકના આંગણે ...

સ્વાગત... વંદન... નમન... અભિનંદન...



લાઈફ કોચ અને પ્રખ્યાત વક્તા

## ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

**BAPS સંસ્થા**

પધારી રહ્યા છે... આપણા અધિવેશને

રાયપુર ઘટકના આંગણે...

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ
**મહાસભા**
સહ વીર્યં કરવાવહૈ

મહાસભા / ઝોનલ / પ્રાદેશિક / રાયપુર

**ત્રિ-વાર્ષિક અધિવેશન**
**મંગળ પરિચય સમ્મેલન**

23, 24, 25 ડિસંબર 2023

---

**Skill SAMAJ**

યુવા વર્ગના ભવિષ્ય
અને આર્થિક સદ્ધરતા માટે

ત્રણ દિવસ
કૌશલ વિકાસ
પ્રશિક્ષણ
માત્ર 500/-

**For Detail Info. Contact :**

- ફોટોગ્રાફી / વિડિયો એડિટીંગ — Rohit Khodiyar 81094 78868
- મેકઅપ આર્ટિસ્ટ બનવા — Mrs. Manishaben Solanki 79877 18097
- બેકરી આયટમ એક્સપર્ટ બનવા — Mrs. Sonalben Rathod 91655 06659
- મહેંદી આર્ટિસ્ટ બનવા — Deepshree Chauhan 82694 51315, Chanchal Solanki 78050 79394

ક્ષેત્રના વિશેષજ્ઞોથી પ્રશિક્ષણ - કેરિયર ગાયડેંસ સાથે મદદ, માહિતિ, માર્ગદર્શન

---

**રાષ્ટ્રીય TRADE FAIR**

પરિણામ લક્ષી વ્યવસ્થા સાથે
રાષ્ટ્રીય સ્તરે સમાજ ઇતિહાસનો
પ્રથમ **વ્યાપાર મેળો**
લગભગ 60 થી વધુ સ્ટૉલ
હવે કેવલ ક્લાસિક સ્ટાલ મેડવો 2500/- માં

ત્રણ દિવસ
સ્ટાલ શુલ્ક
2500/- માત્ર

લગભગ 40 થી
વધુ પ્રિમિયમ અને
પ્રાયમરી સ્ટાલ
બુક થયી ગયા છે.

For Detail Info. Contact :
- દીપક કાંતિલાલ જેઠવા 96445 04450
- સંજય રતીલાલ ટાંક 90097 40004
- હિતેશ ચંદુભાઈ ટાંક 93007 72392

• પ્રવેશાધિકાર સુરક્ષિત

---

**જોડાશું દિલ થી...**

મનગમતા પાત્રને શોધવા સુવિધાજનક
અનુકૂળ વ્યવસ્થા, સંકોચ રહિત વાતાવરણમાં
થશે પ્રયાસ... મદદ-માહિતી- માર્ગદર્શનનો.

માત્ર રજીસ્ટર્ડ પાત્રો માટે
શુલ્ક 500/-

**મંગળ પરિચય**

નવા ક્લેવર અને
પરિણામ લક્ષી
વ્યવસ્થા સાથે

(મૈરેજ બ્યુરો) નું આયોજન ...
સગપણ લાયક સમાજના સમસ્ત
**અપરિણત યુવક-યુવતીઓ**
ની (આયુ, શિક્ષણ, નૌકરી, વ્યવસાય, ઘટક)
વગૈરેહની વર્ગીકૃત માહિતિઓ સાથે
તમને મડશે પરિણામલક્ષી સહયોગ...

તમારા ઉદ્દેશ્યની સફળતા માટે સમર્પિત
**મહાસભા મેરેજ બ્યુરો સમિતિ**
અને ટીમ રાયપુર ઘટક

|| જય સીયારામ ||

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

શુભ દિપાવલી નૂતન વર્ષાભિનંદન





સમસ્ત ભારતભરમાં વસતા તમામ સમાજબાંધવોને દિપાવલી એવં નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવું છું. દિપાવલી પર્વ આપના જીવનમાં ઉજાસ, સર્વ પ્રકારે સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સ્વાસ્થ્યપ્રદ નિવડે તેવી પ્રભુ શ્રીરામચંદ્ર ભગવાનના શ્રીચરણોમાં પ્રાર્થના....

નૂતન વર્ષના શુભ અવસરે આપણા સમાજના જરૂરતમંદ પરિવારજનોને સ્વાસ્થ્ય, શિક્ષા અને આર્થિક રીતે સક્રિય મદદરૂપ થવાનો સંકલ્પ કરીએ. આપણો સમાજ 'સ્વર્ણિમ સમાજ' રૂપે સર્વાંગી વિકાસ કરે એવી અંતરમનથી હાર્દિક શુભેચ્છા...

**'સમાજરત્ન'**

**શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી**

**માધાપર (કચ્છ)**

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહાસભાના મંચથી




પ્રમુખશ્રી મહાસભા

શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા
'અંબર', વાત્સલ્ય ભૂમિ, વાઠોડા,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) 35
Mob. 9373129642


સહ વીર્યં કરવાવહૈ


વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા

શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644




શુભ દીપાવલી

**'મહાસભા મંચ'થી સર્વે સમાજબંધુઓને દીપાવલી એવં નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ**

નૂતન વર્ષાભિનંદન

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા દ્વારા આ સત્રમાં રાષ્ટ્રીય ઇ-વસ્તીપત્રક બનાવવાનું કામ હાથ ધરેલ જે સર્વે ઘટકોના માનભેર સહયોગથી સમયસર પૂર્ણ થઇ ગયું છે. આના માટે સર્વે ઘટકોના હોદ્દેદારો, પ્રાદેશિક સમિતિના હોદ્દેદારો સાથે ઝોનલ પ્રમુખશ્રીઓ અને મહાસભાના હોદ્દેદારો બધાઇને પાત્ર છે.

આવા મહત્વપૂર્ણ પ્રોજેક્ટ માટે મહાસભા પ્રમુખશ્રી દ્વારા ઘટકોના ઉત્સાહવર્ધન માટે પ્રથમ પાંચ જે ઘટકોના વસ્તીપત્રકના ડેટા સર્વ પ્રથમ પ્રાપ્ય થશે તેમને મહાસભાના અધિવેશન સમયે પુરસ્કૃત કરવામાં આવશે એવી ઘોષણા કરવામાં આવી હતી.

મહાસભાનું આ સત્ર પૂર્ણ થવા જઇ રહ્યું છે. અંતિમ અધિવેશન રાયપુર ઘટકના આંગણે તા. ૨૩,૨૪,૨૫ ડિસેમ્બર-૨૦૨૩ના આયોજીત છે. મહાસભા અને વસ્તીપત્રક સમિતિ નીચે દર્શાવેલ ઘટકોને પુરસ્કૃત કરવાની ઇચ્છા ધરાવે છે. જેમાં આપ સર્વે ચયનિત ઘટકો પુરસ્કાર ગ્રહણ કરવા આમંત્રિત છો.

**ત્રણ વર્ગોમાં જે પ્રથમ પાંચ ઘટકોના વસ્તીપત્રકના ફોર્મ મહાસભાને મળ્યા તેની યાદી :–**

### વર્ગ 'A' : ૦૧ થી ૧૦૦ પરીવારો ધરાવતા ઘટકો :

(૧) સિવની ઘટક (મહાકૌશલ પ્રાદેશિક)
(૨) માંડવી ઘટક (કચ્છ પ્રાદેશિક)
(૩) મુન્દ્રા ઘટક (કચ્છ પ્રાદેશિક)
(૪) રાયગઢ ઘટક (છત્તીસગઢ પ્રાદેશિક)
(૫) ડોંગરગઢ ઘટક (છત્તીસગઢ પ્રાદેશિક)

### વર્ગ 'B' : ૧૦૧ થી ૩૦૦ પરિવારો ધરાવતા ઘટકો :

(૧) ભિલાઇ ઘટક (છત્તીસગઢ પ્રાદેશિક)
(૨) હૈદ્રાબાદ ઘટક (આંધ્ર પ્રાદેશિક)
(૩) રાજનાંદગાંવ ઘટક (છત્તીસગઢ પ્રાદેશિક)
(૪) ગોંદિયા ઘટક (વિદર્ભ પ્રાદેશિક)
(૫) જબલપુર ઘટક (મહાકૌશલ પ્રાદેશિક)

### વર્ગ 'C' : ૩૦૧ થી વધુ પરિવારો ધરાવતા ઘટકો :

(૧) વડોદરા ઘટક (ગુજરાત પ્રાદેશિક)
(૨) દુર્ગ ઘટક (છત્તીસગઢ પ્રાદેશિક)
(૩) નાગલપર ઘટક (કચ્છ પ્રાદેશિક)
(૪) અંજાર ઘટક (કચ્છ પ્રાદેશિક)
(૫) માધાપર ઘટક (કચ્છ પ્રાદેશિક)


**હેમંત હરીરામ ગોહિલ – રાયપુર**
ઉપપ્રમુખ મહાસભા, સહ પ્રભારી
રાષ્ટ્રીય ઇ-વસ્તીપત્રક

॥ ॐ शांति ॥

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

સહ વીર્યં કરવાવહૈ



# 'સંજીવની-૪'

*The Lifeline.....*

માહિતિ...
માર્ગદર્શન...
મદદ...

**શ્રી વિનોદકુમાર શાંતિલાલભાઇ જેઠવા - અંજાર**

(વરીષ્ઠ ઉપપ્રમુખ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, વિશેષ પ્રભારી : 'સંજીવની')

**Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

**Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288**

શુભ દિપાવલી

**'સંજીવની' સમિતિ તરફથી સર્વે સમાજબંધુઓને**
**દીપાવલી એવં નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ**

નૂતન વર્ષાભિનંદન

## 'સંજીવની સંકલ્પધારી પરિવાર'

**:: પ્રતિમાસ રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::**

**'સંજીવની સમ્રાટ' સમાજરત્ન**

**શ્રીમાન વિનોદભાઇ પરસોત્તમભાઇ સોલંકી પરિવાર – માધાપર**
**શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા પરિવાર – હૈદ્રાબાદ**
**શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા પરિવાર – મુન્દ્રા**
**શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) પરિવાર – અંજાર**
**સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા પરિવાર – રાયપુર**
**સી.એ. શ્રી મુકુન્દભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ પરિવાર – સુરત**
**શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા પરિવાર – કલ્યાણ**
**શ્રી રાજેશભાઇ દયારામભાઇ રાઠોડ પરિવાર (માધાપર) નૈરોબી–કેન્યા–આફ્રિકા**
**શ્રી સંદિપભાઇ પ્રભુલાલભાઇ ચાવડા - પુના**

**:: પ્રતિમાસ રૂા. ૨૧૦૦/૨૦૦૦/-ના માનદ્ દાતાશ્રી ::**

કર્નલ સત્યેન ડી. રાઠોડસર - અમદાવાદ
શ્રી ભુપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા - પૂના
શ્રીમતી હેમલતાબેન ચાવડા - પૂના
શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ પરિવાર - અમદાવાદ
શ્રી અમિતભાઇ ગોપાલભાઇ ચૌહાણ - અંજાર-કલ્યાણ
શ્રીમતી મીનાબેન અશોકભાઇ ટાંક (નાગલપર) નાગપુર
શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ - લાતુર (પ્રભારી : મ.ઉ.સમિતિ - મહાસભા)
ગં.સ્વ. ઇન્દીરાબેન મગનલાલભાઇ રાઠોડ (ખેડોઇ) - સુરત
સ્વ. માયાબેન લક્ષ્મણભાઇ અરજણભાઇ પરમાર પરિવાર (રેહા) આદીપુર

**:: પ્રતિમાસ રૂા. ૧૫૦૦/૧૦૦૦/–ના સહયોગી દાતાશ્રી ::**

પ્રો. શ્રી ગોપાલભાઇ પી. ચાવડાસર - હૈદ્રાબાદ
શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર
શ્રીમતી મંજૂલાબેન છોટાલાલભાઇ ચૌહાણ
શ્રી ભરતભાઇ જીવરામભાઇ ચૌહાણ - આદીપુર (બી.જે. ચૌહાણ એસોસીએટ્સ - આદીપુર)
શ્રી ત્રિલોકેશભાઇ લીલાધરભાઇ ચાવડા પરિવાર - પૂના
શ્રી હરીરામભાઇ દાનાભાઇ રાઠોડ - જબલપુર (પૂર્વ ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી ડૉ. હરસુખલાલ ગોવિંદભાઇ પરમાર - વડોદરા
શ્રીમતી હિરલબેન નિલેશભાઇ ખોડિયાર - અબુધાબી (યુ.એ.ઇ.)
શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર - શહડોલ (પ્રમુખશ્રી : મહાકૌશલ પ્રાદેશિક સમિતિ)
શ્રી ભગવાનલાલ રણછોડભાઇ ટાંક - નડીયાદ
શ્રીમતી અનસૂયાબેન જેરામભાઇ પરમાર - કુકમા
શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ - વિશાખાપટ્ટનમ
શ્રી રામજીભાઇ નાનજીભાઇ જેઠવા પરિવાર - ખડગપુર (બાલાઘાટ)
શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર પરિવાર - અંજાર
શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાકટર પરિવાર - અમદાવાદ
શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ પરિવાર - મુંબઇ
'સંજીવની સરતાજ' શ્રી જગદીશભાઇ રાજાભાઇ રાઠોડ - ધનબાદ
શ્રીમતી આરતીબેન જગદીશભાઇ ચૌહાણ - ઉદયપુર (રાજ.)
હ. જુગલ ચૌહાણ - વડોદરા
શ્રીમતી ચંદ્રિકાબેન કાંતિલાલભાઇ જાદવજીભાઇ રાઠોડ - નાગપુર
શ્રીમતી અનુરાધાબેન સતિષભાઇ કાંતિલાલ ટાંક - આદીપુર
શ્રીમતી લેખાબેન ગોવિંદભાઇ પ્રાગજીભાઇ ટાંક - મોરબી

**:: પ્રતિ માસ રૂા. ૫૦૦–૨૫૦/–ના સ્નેહી દાતાશ્રી ::**

સ્વ. ભરતભાઇ વલમજીભાઇ વાઢેર - અંજાર (પૂર્વ તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશ)
શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક - અંજાર (પૂર્વ મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ)
શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર - ધનબાદ (પ્રમુખશ્રી કોલફીલ્ડ પ્રા.)
શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર - અંજાર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
ગં.સ્વ. જયાબેન મોહનભાઇ ટાંક જયપુર (રાજ.) (પાનવાલા)
શ્રી વિજયભાઇ વાસુદેવભાઇ ચાવડા - જયપુર (રાજ.)
શ્રી મનોહરભાઇ વિરમભાઇ ટાંક - અમદાવાદ (ગુજ.)
શ્રીમતી તારૂલતાબેન ગોવર્ધનભાઇ રાઠોડ - આદિપુર
શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ (ખંભરા) અંજાર
શ્રી નિશાંતભાઇ નિલેશભાઇ રાઠોડ - હૈદ્રાબાદ

(વિનંતી : ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઇ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)

(નોંધ : ઉપરોક્ત યોજના હેઠળ સહયોગ રાશી ચાલુ ન રાખવાના સંજોગોમાં ત્વરીત જાણ કરવા વિનમ્ર વિનંતી.)

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# વિશેષ સન્માન સમિતિ

સહ વીર્ય કરવાવહૈ

**સાહિત્ય, કલા, રમત–ગમત, વ્યવસાય, ઉદ્યોગ, સંશોધન, શૌર્ય, સંગીત ક્ષેત્રે પ્રતિભા સન્માન**

**શ્રી પરેશભાઇ ચૌહાણ (પ્રમુખશ્રી, વિશેષ સન્માન સમિતિ)**



સંપર્ક : માધવ માર્કેટીંગ - ૨૦૩, લાખાજીરાજ ટ્રસ્ટ ભવન, ઢેબર ચોક, રાજકોટ - ૩૬૦૦૦૧ ફોન નં. (૦૨૮૧) - ૨૪૪૨૦૧૬, મો. ૯૪૨૬૬૩૫૧૪૨ E-mail : paresh.lakshya@gmail.com

**પ્રેરણાસ્ત્રોત :**

**'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરુષોત્તમભાઇ સોલંકી**    **શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા – પ્રમુખશ્રી મહાસભા**

**:: વિશેષ સન્માન સમિતિના સભ્યોશ્રીઓ ::**

| | |
|---|---|
| શ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણ – ભુજ – ઉપપ્રમુખશ્રી મહાસભા | શ્રી કિરીટભાઇ રમણીકભાઇ ચૌહાણ – ધનબાદ – ઝોનલ પ્રમુખ શ્રી મહાસભા |
| શ્રી વિનોદભાઇ મોહનલાલભાઇ ખોડિયાર – અંજાર – વરિષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા | શ્રી યોગેશભાઇ પુરુષોત્તમભાઇ પરમાર – હૈદરાબાદ – ઝોનલ પ્રમુખ શ્રી મહાસભા |
| શ્રી સુરેશભાઇ રતિલાલભાઇ ચૌહાણ – કોરબા – મંત્રીશ્રી મહાસભા | શ્રી જીતેન્દ્રભાઇ રણજીતભાઇ પરમાર – બાલાઘાટ – પ્રમુખશ્રી વિદર્ભ પ્રા. સમિતિ |
| શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઇ ચૌહાણ – નાસિક રોડ – મંત્રી શ્રી મહાસભા | શ્રી અનમોલભાઇ મહેન્દ્રભાઇ ટાંક – રાયગઢ – મહામંત્રી શ્રી અ.ભા. યુવા મહામંડળ |

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા દ્વારા દરેક સત્રના અંતિમ અધિવેશન દરમિયાન આપણા સમાજના વિશિષ્ટ પ્રતિભાશાળી વ્યક્તિ ઓને સન્માનીત કરવામાં આવે છે. તેવી જ રીતે સત્ર ૨૦૨૦-૨૩ ના અંતિમ અધિવેશન દરમિયાન 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીજી એવં મહાસભા પ્રમુખશ્રી યોગેશભાઇ ચાવડાજીની અધ્યક્ષતામાં આ કાર્યક્રમ થવા જઈ રહ્યો છે. આ ખૂબ જ મહત્વની સમિતિ હોય સમાજના ગૌરવશાળી સભ્યોને મહાસભા તરફથી સન્માનિત કરવાનો અમૂલ્ય મોકો આપવા બદલ મહાસભાના પ્રમુખશ્રી આદરણીય યોગેશભાઈ મગનભાઈ ચાવડાના હાર્દિક આભારી છીએ. આ સન્માન ની વિગત યોગ્ય વ્યક્તિ સુધી પહોંચતી કરવા માટે મહાસભા, પ્રાદેશિક સમિતિ, અખિલ ભારતીય મહિલા મહામંડળ, અખિલ ભારતીય યુવા મહામંડળના તમામ પદાધિકારીઓ ઉપરાંત તમામ દરેક ઘટક પ્રમુખ, મહિલા મંડળ પ્રમુખ તથા યુવા મંડળ પ્રમુખને વિનંતી કરવામાં આવે છે. આપના વિસ્તારમાં આવી વિશિષ્ટ પ્રતિભા ધરાવતા લોકોની માહિતી અમોને અચૂક પહોંચાડવા વિનંતી છે, જેથી તેમની વિશિષ્ટ પ્રતિભા ને સમગ્ર સમાજ સમક્ષ લાવી તેમનું સન્માન કરી બીજા સમાજ બંધુઓને પ્રેરણારૂપ પણ થઈ શકાય.નઆ સન્માન માટે નીચે મુજબની વિગતો મોકલવા વિનંતી છે. **રાયપુર ત્રિવાર્ષિક અધિવેશન ડિસેમ્બર–૨૦૨૩** દરમ્યાનના વ્યક્તિ વિશેષ સન્માન ઉપરાંત વિશેષ સામાજીક કાર્ય કરનારા ઘટક અને વિશેષ સામાજીક કાર્ય કરનારી પ્રાદેશિક સમિતિને પણ તેમના દ્વારા સંપન્ન કરવામાં આવેલા વિશેષ સામાજીક કાર્ય માટે પ્રોત્સાહન સ્વરૂપે સન્માનીત કરવામાં આવશે. નીચે મુજબ વિશેષ સન્માન કરવામાં આવશે.

**(૧) વિશિષ્ટ પ્રતિભા સંપન્ન સમાજબાંધવો (૨) વિશિષ્ટ સામાજીક ઘટક (૩) વિશિષ્ટ પ્રાદેશિક સમિતિ (૪) વિશિષ્ટ મહિલા મહામંડળ (૫) વિશિષ્ટ યુવા મહામંડળ (૬) વિશિષ્ટ મહિલા પ્રાદેશિક સમિતિ (૭) વિશિષ્ટ યુવા પ્રાદેશિક સમિતિ**

**(૧) વિશિષ્ટ પ્રતિભા સંપન્ન સમાજબાંધવો :** વિશિષ્ટ પ્રતિભા સંપન્ન સમાજબાંધવોની પસંદગી માટે મહાસભાના બંધારણ મુજબ આપણી જ્ઞાતિના ૧૮ ગામોના મૂળ વતનના ભાઇ-બહેનો, યુવાનો, બાળકો સર્વેમાંથી કોઇએ પણ સાહિત્ય, કળા, સંગીત, શિક્ષણ, રમત-ગમત, વ્યવસાય, ઉદ્યોગ, ચિકિત્સા, શૌર્ય, સંશોધન, રાજકીય, સામાજીક સેવા વગેરેના ક્ષેત્રે રાજ્ય-રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરે સારી નામના પ્રાપ્ત કરી હોય, વિરલ સિદ્ધિ પ્રાપ્ત કરેલ હોય તેવા વ્યક્તિત્વને 'વિશેષ સન્માન'થી સન્માનીત કરવામાં આવશે. આ માટે વિશેષ રૂપે તૈયારકરવામાં આવેલ પ્રારૂપ આ સાથે સામેલ છે. તેમાં સંપૂર્ણ વિગત ભરી મોકલી આપશો.

ખાસ નોંધ : આ પહેલા જે પણ મહાનુભાવો મહાસભા દ્વારા સન્માનીત થયા છે. તેઓ આ નામ ફરીથી ન મોકલાવવા વિનંતી છે.

**(૨) વિશિષ્ટ ઘટક :** ઘટક એ મહાસભાનું સમાજનું મુખ્ય અંગ છે. ઘટકના માધ્યમથી પદાધિકારીઓ અને સામાજીક કાર્યકરો, સંગઠનને કુશળ નેતૃત્વ આપી, સમાજ ઉત્કર્ષની પ્રવૃત્તિઓ કરે છે. પોતાના ઘટકમાં સામાજીકતાની ભાવનાને વિકાસ કરે, સામાજીક રચના-પરસ્પરની સંઘ ભાવનાનો વિકાસની સાથે સમાજ ઉત્કર્ષની પ્રવૃત્તિઓ દ્વારા સામાજીક ચેતના જગાડતા રહે અને જરૂરીયાતમંદ સમાજબાંધવોને સમય સમય પર મદદરૂપ થઇ તેમને લાભાંન્વિત કરતા રહે, જ્ઞાતિજનોને સામાજીક સંગઠનની ઉપયોગીતા અને તેના મહત્વની સમજણ આપતા રહેવાનો આવા જ હેતુસરનો મૂળભૂત ઉદ્દેશ આ સંગઠનનો છે. આવા મૂળભૂત ઉદ્દેશને લક્ષ્યમાં રાખી સારામાં સારૂં વ્યવસ્થિત અને વધુમાં વધુ કાર્ય જે ઘટકો કરતા હોય તેને પ્રોત્સાહિત કરી સમાજ સમક્ષ તેમને બિરદાવવાના ઉદ્દેશથી મહાસભા પ્રતિ સત્ર આવા ઘટકને સન્માનીત કરે છે જેથી બીજા ઘટકોને પણ આવા કાર્ય કરવાની પ્રેરણા મળતી રહે.

**ઘટકને જન સંખ્યાના આધારે ત્રણ વર્ગમાં વિભાજીત કરવામાં આવેલ છે.**

**વર્ગ અ : ૧ થી ૫૦૦ જનસંખ્યા ધરાવતા ઘટકો**

**વર્ગ બ : ૫૦૧ થી ૧૫૦૦ સુધીની જનસંખ્યા ધરાવતા ઘટકો**

**વર્ગ ક : ૧૫૦૦થી વધુ જનસંખ્યા ધરાવતા ઘટકો**

**નોંધ : ઘટક માટે તૈયાર કરેલા વિશેષ પ્રારૂપમાં જ વિગતો મોકલવી.**

**(૩) વિશિષ્ટ પ્રાદેશિક સમિતિ :** મહાસભાના અંતર્ગતના તમામ ઘટકો વ્યવસ્થિત કાર્ય કરે - ઘટકોમાં જાગૃતતા બની રહે અને ઘટકોને કાર્ય કરવામાં સરળતા રહે અને આવશ્યક માર્ગદર્શનની જરૂર પડતાં તેમને કુશળ નિર્દેશન મળી રહે, તે હેતુસર મહાસભા અને ઘટક વચ્ચે સંપર્કસૂત્ર રૂપે ૧૬ પ્રાદેશિક સમિતિઓની રચના કરવામાં આવેલ છે. આ સમિતિઓ અને તેમના પ્રમુખ શ્રી વખતો વખત પોતાના કાર્યક્ષેત્રના અંતર્ગતના ઘટકોનો વિશેષ રૂપે જનસંપર્ક પ્રવાસ આયોજીત કરી તેમના દ્વારા સંપન્ન થયેલા કાર્યોની સમિક્ષા કરે તેમજ ભાવી યોજનાઓ ઘડે તેવા હેતુસર પ્રાદેશિક સમિતિની રચના કરવામાં આવેલ છે. મહાસભાની આકાંક્ષા અને અપેક્ષાના અનુરૂપ તેથી વિશેષ કાર્યદક્ષતા, કુશળતા અને વિશેષ જનસંપર્ક પ્રવાસથી જાગૃતતા લાવવામાં નિપુણતા દાખવી, સારું અને વ્યવસ્થિત કાર્ય કરેલ હોય તેવી

પ્રાદેશિક સમિતિને પ્રોત્સાહન મળે અને તેમના કાર્યોને બિરદાવવાના ઉદ્દેશથી મહાસભા આવી પ્રાદેશિક સમિતિને સમાજ સમક્ષ સન્માનિત કરતી આવી છે. તેમને સન્માનીત કરવાથી અન્ય પ્રાદેશિક સમિતિઓને વ્યવસ્થિત કાર્ય કરવાની પ્રેરણા મળી શકે છે.

**નોંધ :** આ સર્વે પ્રાદેશિક સમિતિઓને વિશેષ રૂપે તૈયાર કરેલ પ્રારૂપ સામેલ છે. ઉપર દર્શિત વર્ગ મુજબ તેમની પ્રવૃત્તિઓ અને આયોજનોનું મુલ્યાંકન કરી કુલ ત્રણ પ્રાદેશિક સમિતિને સન્માનિત કરવામાં આવશે. આવી રીતે ત્રણે પ્રકારના સન્માન માટે ભરીને મોકલવામાં આવેલ પ્રારૂપો ઉપર મહાસભાના પ્રમુખશ્રી દ્વારા રચવામાં આવેલ વિશિષ્ટ સન્માન સમિતિની સભામાં અભ્યાસ કરી યોગ્ય નિર્ણય લેવામાં આવશે પરંતુ અંતિમ નિર્ણય લેવાનો અધિકાર મહાસભાના પ્રમુખશ્રીને રહેશે. લેવાયેલ નિર્ણય બાબતમાં કોઇપણ પત્ર વ્યવહાર કે ખુલાસો કરવામાં આવશે નહીં.

યુવા મંડળ, અખિલ ભારતીય યુવા મહામંડળ, અખિલ ભારતીય મહિલા મહામંડળના વિષય કાર્યક્રમો કરતા પ્રાદેશિક અને ઘટકોને પણ મહાસભા સન્માનીત કરશે. સર્વશ્રેષ્ઠ મહિલા મંડળ તથા સર્વશ્રેષ્ઠ યુવા મંડળ ઉપરાંત સર્વશ્રેષ્ઠ યુવા પ્રાદેશિક સમિતિ અને સર્વશ્રેષ્ઠ મહિલા પ્રાદેશિક સમિતિ ને સન્માનીત કરવામાં આવશે. આ સન્માનનો નિર્ણય અખિલ ભારતીય યુવા મહામંડળ, અખિલ ભારતીય મહિલા મહામંડળ તરફથી કરવામાં આવશે.

**ખાસ નોંધ : (૧) પ્રારૂપો સંપૂર્ણ ભરીને તા. ૩૦-૧૧-૨૦૨૩ સુધી સ્વીકારવામાં આવશે. તે બાદ ત્રણે પ્રકારના સન્માન માટેના મોકલાવેલ પ્રારૂપો ઉપર વિચાર કરવામાં આવશે નહીં. (૨) સન્માન પત્રકોના પ્રારૂપો-પ્રફોર્મા વ્યવસ્થિત ભરીને મોકલાવવા જરૂરી છે. સન્માનનીય વ્યક્તિનો ફોટોગ્રાફ પત્રક સાથે ખાસ સંલગ્ન કરવો. (૩) સન્માન માટેનો સમિતિનો નિર્ણય આખરી ગણવામાં આવશે. (૪) પ્રારૂપની સંલગ્ન મોકલાવેલ માહિતિ મહાસભાની માલીકીની ગણાશે. જે પરત મળશે નહીં. (૫) સન્માનનીય વ્યક્તિનો રહેવાનો, ટ્રાવેલીંગ સ્વ ખર્ચે કરવાનું રહેશે.**

## વિશેષ સન્માન પ્રારૂપ - ૨૦૨૩

ઘટક : ____________ તારીખ : ____________

વ્યક્તિ વિશેષનું પુરૂં નામ : ____________ અવટંક : ____________

ઉંમર : ________ કચ્છમાં ગામ : ________ અભ્યાસ : ________

વર્તમાન સરનામું : ____________

____________

પીન : ________ ફોન નં. : ________ મોબાઇલ નં. : ________

વ્યવસાય : ____________

____________

નીચે પૈકી જે ક્ષેત્રે સિદ્ધી મેળવી હોય તેનો ઉલ્લેખ : ____________

____________

(સાહિત્ય, કળા, સંગીત, લલીતકળા, શિક્ષણ, રમત-ગમત, વ્યવસાય, ઉદ્યોગ, ચિકિત્સા, આધ્યાત્મ, ભક્તિ, સાહસ, વિજ્ઞાન, શૌર્ય, સંશોધન, સમાજ સેવા અને રાષ્ટ્ર સેવા ક્ષેત્રે મેળવેલ સિદ્ધીઓનું સંપૂર્ણ વિવરણ. બહુમાન/પુરસ્કાર મળેલ હોય તેની વિગતવાર માહિતિ પ્રમાણીત નકલો સાથે જોડવી.) વ્યક્તિ વિશેષનું સન્માન રાજ્ય સ્તરે, રાષ્ટ્રીય સ્તરે થયું હોય તેની વિસ્તૃત માહિતિ....

____________

____________

સંબંધિત ઘટકની ભલામણ : ____________

____________

| | | |
|---|---|---|
| વ્યક્તિ વિશેષના હસ્તાક્ષર | ઘટકનો સિક્કો | ઘટક પ્રમુખ/મંત્રી સહી |

**:: દરેક પત્રક મોકલવા/પત્ર વ્યવહાર મોકલવાનું સરનામું ::**

**શ્રી પરેશભાઇ ગોવિંદભાઇ ચૌહાણ (પ્રમુખશ્રી, વિશેષ સન્માન સમિતિ)**

માધવ માર્કેટીંગ-૨૦૩, લાખાજીરાજ ટ્રસ્ટ ભવન, ઢેબર ચોક, રાજકોટ - ૩૬૦૦૦૧ ફોન નં. (૦૨૮૧) ૨૪૪૨૦૧૬, મો. ૯૪૨૬૬૩૫૧૪૨

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા વિશેષ સન્માન સમિતિ (૨૦૨૦-૨૩)

સહ વીર્યં કરવાવહૈ

## વિશિષ્ટ ઘટકના સન્માન માટે પ્રારૂપ

ઘટકનું વર્ગીકરણ : (અ) વર્ગ અ : ૫૦૦ સુધીની જનસંખ્યા ધરાવતા ઘટકો

(બ) વર્ગ બ : ૫૦૧ થી ૧૫૦૦ સુધીની જનસંખ્યા ધરાવતા ઘટકો (ક) વર્ગ ક : ૧૫૦૦થી વધુની જન સંખ્યા ધરાવતા ઘટકો

### A સામાન્ય વિગત :–

(૧) ઘટકનું નામ : ____________________ વર્ગ : ____________________

(૨) પ્રાદેશિક સમિતિ : ____________________

(૩) ઘટકના પરિવારની સંખ્યા : ____________ કુલ સભ્ય સંખ્યા : ____________

(૪) ઘટકના મહાસભાના પ્રતિનિધિઓની સંખ્યા : ____________

(૫) સત્ર ૨૦૨૦-૨૩ ના પ્રતિનિધિ શુલ્ક ભરાયેલ છે ? હા / ના [ ]

(૬) ઘટકમાં છેલ્લી વખત થયેલા પ્રમુખના ચયન/ચૂંટણી તારીખ : / /

### B ઘટકમાં સત્ર દરમ્યાન થયેલ સામાજીક પ્રવૃત્તિની વિગત :

| | ૨૦૨૦-૨૧ | | ૨૦૨૧-૨૨ | | ૨૦૨૨-૨૩ | |
|---|---|---|---|---|---|---|
| | કાર્યક્રમ સંખ્યા | ઉપસ્થિત જનસંખ્યા | કાર્યક્રમ સંખ્યા | ઉપસ્થિત જનસંખ્યા | કાર્યક્રમ સંખ્યા | ઉપસ્થિત જનસંખ્યા |
| કારોબારી સભા | | | | | | |
| સામાન્ય સભા | | | | | | |
| ઘટક પ્રવાસ | | | | | | |
| સગપણ સંમેલન | | | | | | |
| સમુહ લગ્ન | | | | | | |
| મહાસભાના આયોજન | | | | | | |
| અન્ય આયોજન | | | | | | |

### C ઘટકમાં રહેલ સાહિત્યની વિગત :

(૧) મીટીંગની નોંધ મીનીટ્સ બુકમાં નિયમીત લેવાય છે ? હા / ના [ ]

(૨) મીનીટ્સ બુકસમાં દરેક મીટીંગમાં હાજર રહેલા સભ્યોના હસ્તાક્ષર નિયમીત રીતે લેવાય છે ? હા / ના [ ]

(૩) ઘટકમાં સગપણ નોંધ રજીસ્ટર રાખેલ છે ? હા / ના [ ]

(૪) ઘટકમાં બહારથી પધારતા પદાધિકારીઓની નોંધ માટે શુભેચ્છા રજીસ્ટર રાખવામાં આવેલ છે ? હા / ના [ ]

(૫) આપના ઘટકમાં યુવા મંડળ તથા મહિલા મંડળ કાર્યરત છે ? હા / ના [ ]

(૬) ઘટકમાં હિસાબ માટે હિસાબી રજીસ્ટરો રાખેલ છે ? હા / ના [ ]

(૭) ઘટકના દરેક કાર્યક્રમના અંતે તેનું ઓડીટીંગ - મુલ્યાંકન કરવામાં આવે છે ? હા / ના [ ]

(૮) ઘટકના યુવાનો-મહિલાઓ તથા પ્રતિભા સંપન્ન સમાજબાંધવોને આગળ લાવવા માટે આપેલા ઘટકે કરેલા પ્રયત્નોની વિગત જણાવો. (જરૂર પડે તો અલગ કાગળમાં વિગત લખી શકો છો.

### D સામાજીક ઉત્થાન માટે ઘટકે કરેલા કામની વિગત : આપના ઘટક તરફથી જરૂરીયાતમંદ સમાજબાંધવોને કરેલ મદદની વિગત નીચેના પ્રારૂપમાં આપો.

| વર્ષ | ઘટક દ્વારા (રૂા.) | મહાસભા દ્વારા (રૂા.) | પ્રાદેશિક ટ્રસ્ટ દ્વારા (રૂા.) | અન્ય સ્ત્રોત દ્વારા (રૂા.) | શિક્ષણ ક્ષેત્રે (રૂા.) | તબીબી ક્ષેત્રે (રૂા.) | જીવન નિર્વાહ ક્ષેત્રે (રૂા.) | ગૃહ ઉદ્યોગ ક્ષેત્રે (રકમ) | અન્ય ક્ષેત્રે કરેલ (રકમ) | કુલ રકમ (રૂા.) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૨૦-૨૧ | | | | | | | | | | |
| ૨૦૨૧-૨૨ | | | | | | | | | | |
| ૨૦૨૨-૨૩ | | | | | | | | | | |

### E અન્ય વિગત :–

(૧) આપના ઘટકમાં કો-ઓપરેટીવ યોજના ચાલે છે ? હા / ના [ ]

જો હા હોય તો તેની સભ્ય સંખ્યા : ____________ સભ્યોને મહત્તમ અપાતી સહાયની રાશી : ____________ ૩૧ માર્ચ - ૨૦૨૩ સુધીનું આપનું ભંડોળ : ____________

(૨) ઘટકમાં બીજી કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ/યોજનાઓ ચાલતી હોય તેની વિગત : ____________

(૩) આપના ઘટકમાંથી મહાસભા દ્વારા વિશેષ સન્માન મેળવી ચૂકેલા સભ્યોની સંખ્યા : ____________

(૪) આપના ઘટકમાં મહાસભા દ્વારા ચલાવવામાં આવતી સમાજ ઉત્કર્ષની વિવિધ સમિતિઓમાંથી કઈ કઈ સમિતિ આપના ઘટકમાં ચાલે છે ? તેની વિગત આપવી : ____________

(૫) ઘટક દ્વારા સરકારી યોજનાઓ તથા સહકારી સ્કીમની માહિતિ આપવામાં આવે છે ? હા / ના [ ]

(૬) આપના ઘટકની મહાસભા તરફથી વધુ કોઈ સમાજ ઉત્કર્ષ માટે ઉપયોગી સુચન હોય તો જણાવવા વિનંતી. ____________

તારીખ : ઘટકનો સિક્કો : પ્રમુખશ્રી/મંત્રીશ્રીના હસ્તાક્ષર :

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા વિશેષ સન્માન સમિતિ (૨૦૨૦-૨૩)

સહ વીર્યં કરવાવહૈ

## વિશિષ્ટ પ્રાદેશિક સમિતિના સન્માન માટે પ્રારૂપ

**A પ્રાદેશિક વિગત :–**

(૧) પ્રાદેશિક સમિતિનું નામ : ____________________

(૨) પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા ઘટકોની સંખ્યા :

'અ' વર્ગના ઘટકોની સંખ્યા [ ] 'બ' વર્ગના ઘટકોની સંખ્યા [ ] 'ક' વર્ગના ઘટકોની સંખ્યા [ ]

(૩) પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા મહાસભાના પ્રતિનિધિઓની સંખ્યા [ ]

(૪) સત્ર ૨૦૨૦-૨૩ના પ્રતિનિધિ શુલ્ક મહાસભામાં જમા થયેલ છે ? હા / ના [ ]

**B બેઠકોની વિગત :–**

| વર્ષ | કારોબારીની મીટીંગની સંખ્યા | હાજર સભ્યોની સંખ્યા | સામાન્ય સભાની સંખ્યા | હાજર સભ્યોની સંખ્યા | અન્ય આયોજનોની સંખ્યા | હાજર સભ્યોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૨૦૨૦-૨૧ | | | | | | |
| ૨૦૨૧-૨૨ | | | | | | |
| ૨૦૨૨-૨૩ | | | | | | |

**C પ્રાદેશિક સમિતિના સાહિત્યની વિગત :**

(૧) સમિતિની મીટીંગની નોંધ નિયમીત રીતે મીનીટ્સ બુકમાં લેવાય છે ? હા / ના [ ]

(૨) મીનીટ્સ બુકમાં હાજર સભ્યોની હસ્તાક્ષર નિયમીત રીતે લેવાય છે ? હા / ના [ ]

(૩) પ્રાદેશિક સમિતિ અંતર્ગત ઘટકોમાં થયેલા લગ્નની નોંધ રખાય છે ? હા / ના [ ]

(૪) પ્રાદેશિક સમિતિના નાણાકીય હિસાબ માટે રજીસ્ટર રાખેલા છે ? હા / ના [ ]

(૫) પ્રાદેશિક સમિતિના પદાધિકારીઓ દ્વારા ઘટકોની નિયમીત મુલાકાત લઈ ઘટકોને યથા યોગ્ય માર્ગદર્શન અપાઈ રહ્યું છે ? હા / ના [ ]

**D સમાજ ઉત્કર્ષ કાર્યની વિગત :–** આપની પ્રાદેશિક સમિતિ દ્વારા ઘટકોમાં કરેલા સામાજીક–ઉત્કર્ષના કાર્યક્રમોની નીચેના પ્રારૂપમાં વિગતો આપો.

| ક્રમ | વિગત | ૨૦૨૦-૨૧ | | | ૨૦૨૧-૨૨ | | | ૨૦૨૨-૨૩ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | તારીખ | સ્થળ | ઉપસ્થિત જનસંખ્યા | તારીખ | સ્થળ | ઉપસ્થિત જનસંખ્યા | તારીખ | સ્થળ | ઉપસ્થિત જનસંખ્યા |
| ૧ | સગપણ સંમેલન | | | | | | | | | |
| ૨ | સમુહ લગ્ન | | | | | | | | | |
| ૩ | સમુહ ભાગવત | | | | | | | | | |
| ૪ | અન્ય આયોજન | | | | | | | | | |
| ૫ | મહાસભાના આયોજન | | | | | | | | | |

**E અન્ય વિગત :–**

(૧) આપની પ્રાદેશિક સમિતિ અંતર્ગત અત્યાર સુધી વિશિષ્ટ વ્યક્તિ સન્માન પ્રાપ્ત કરેલા મહાનુભાવોની સંખ્યા :

(૨) આપની પ્રાદેશિક સમિતિ દ્વારા આપના ઘટકોના જરૂરીયાતમંદ સમાજબાંધવોના ઉત્કર્ષ માટે કરેલા વિશિષ્ટ કાર્યોની નોંધ : (જરૂર પડે અલગ કાગળમાં વિગત આપવી) ____________________

(૩) આપની પ્રાદેશિક સમિતિમાંથી કેટલા મહાનુભાવો અત્યાર સુધી મહાસભા ક્ષેત્રે સેવા આપી ચૂક્યા છે ?

(૪) પ્રાદેશિક સમિતિ દ્વારા ઘટકોને કરેલા પત્ર વ્યવહારની નોંધ માટે રજીસ્ટર-ફાઈલો રાખવામાં આવેલા છે ? હા / ના [ ]

(૫) મહાસભાના પત્ર વ્યવહારની નોંધ માટે રજીસ્ટર-ફાઈલો રાખવામાં આવે છે ? હા / ના [ ]

(૬) પ્રાદેશિક સમિતિને વધુ કાર્યક્ષમ બનાવવા માટે આપના સુચનો જણાવવા વિનંતી. ____________________

તારીખ : પ્રાદેશિક સમિતિનો સિક્કો : પ્રમુખશ્રી/મંત્રીશ્રીના હસ્તાક્ષર :

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



શ્રી વિનોદભાઈ ચૌહાણ
પ્રભારીશ્રી

# અભિલાષા-૪

**।। શિક્ષણ દાન એજ મહાદાન ।।**

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

**Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314**

શુભ દિપાવલી

**'અભિલાષા' સમિતિ તરફથી સર્વે સમાજબંધુઓને દીપાવલી એવં નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ**

નૂતન વર્ષાભિનંદન

સમાજના સર્વે વડીલો, મહાનુભાવો તથા સમાજબાંધવોને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ... વિ.સં. ૨૦૭૯નું વર્ષ આપ સૌ માટે મંગલમય બની રહે... આપણા ગૌરવવંતા સમાજની પ્રગતિ માટે ઈશ્વર આપણને મનોબળ અને શક્તિ આપે તેવી અભ્યર્થના...

| વિનોદ ચૌહાણ | જયેન્દ્ર સોલંકી | રમેશ ચૌહાણ | પ્રવિણભાઈ ચૌહાણ | જીતેશ ચૌહાણ |
|---|---|---|---|---|
| પ્રભારી | સભ્ય | સભ્ય | સભ્ય | સભ્ય |

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના તમામ પરિવારો, આ સમિતિના દાનદાતાશ્રીઓ, વાંચકો તથા વિદ્યાર્થી ભાઇ-બહેનોને નુતન વર્ષાભિનંદન... વિક્રમ સંવત ૨૦૮૦નું વર્ષ આપ સૌ માટે સુખ, શાંતિ, સમૃદ્ધિથી ભરપુર રહે તેવી શુભકામનાઓ...

આપણી આ સમિતિના દાનદાતાશ્રીઓને યાદ કરીને નોંધ લઇએ તો... આપણા પરગજુ **સમાજરત્ન શ્રી વિનોદભાઈ પી. સોલંકી સાહેબ** તરફથી માસ સપ્ટેમ્બર તથા ઓક્ટોબરના માસિક દાન રૂપે રૂા. ૧૦,૦૦૦/- પ્રાપ્ત થયા. તેવી જ રીતે પ્રતિમાસ રૂા. ૫૦૦/-ના દાનદાતા **શ્રી વલમજીભાઈ પ્રેમજીભાઈ વાઘેલા** - આદિપુર (મુળ ગામ હાજાપર) તરફથી રૂા. ૬૦૦૦/- પ્રાપ્ત થયેલ છે. તેવી રીતે **સ્વ. નિરંજનભાઈ દાનાભાઈ પરમાર – માધાપર**ના ૯૬મા જન્મદિને (૧/૧૦) તેમના સુપુત્ર **શ્રી હિમાંશુભાઈ** તરફથી રૂા. ૧૦૦૧/- પ્રાપ્ત થયેલ છે. આ ક્રમમાં માધાપર નિવાસી **શ્રી કિશોરભાઈ દેવજીભાઈ ચૌહાણ** તરફથી તેમના ધર્મપત્ની **સૌ. રેખાબેન ચૌહાણ**ના જન્મદિન (તા. ૨૧/૯) અવસરે રૂા. ૨૦૦૦/-નું ખુશાલી દાન પ્રાપ્ત થયેલ છે. આ સમિતિના પ્રતિમાસ રૂા. ૧૦૦૦/-ના દાનદાતા **શ્રી ભગવાનલાલભાઈ રણછોડભાઈ ટાંક – નડીયાદ** તરફથી તેમના વહાલસોયા પત્ની **સ્વ. જ્યોત્સનાબેન ટાંક**ની સ્મૃતિમાં ઓગષ્ટ-૨૦૨૧થી નિયમિત અનુદાન મળી રહ્યું છે જે રકમ અત્યારે રૂા. ૨૫૦૦૦/- જેટલી થવા જાય છે. શિક્ષણપ્રેમી વ્યક્તિત્વ શ્રી ભગવાનભાઈ ટાંક સાહેબ એક આધ્યાત્મિક વ્યક્તિત્વ પણ છે. ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો આ સમિતિ વતીથી ખુબ ખુબ આભાર માનવામાં આવે છે. શિક્ષણ સેવા એજ માનવ સેવા... માનવ સેવા એજ પ્રભુ સેવા... **ખાસ વિનંતી કે આ સમિતિ પાસે શિક્ષણ સહાય મેળવવા ઇચ્છુક છાત્રોની સંખ્યા વધતી જાય છે અને સમિતિને દાનની પણ જરૂરત છે. સમાજના ઉદારદિલ દાતાશ્રીઓને વિનંતી કે આપ આગળ આવો અને આ સમિતિને મદદરૂપ બનો. જીવનના સારા–માઠા પ્રસંગોને ઉજાગર અને સ્મરણીય બનાવવા માટે દાનથી મોટું કોઈ માધ્યમ નથી. દાનનું પુણ્ય અનેકગણું હોય છે. આપના નાના–મોટા દાનનો પ્રવાહ કોઈ જરૂરતમંદ છાત્રના ભવિષ્ય નિર્માણનો પાયો નાખી શકે તેમ છે. શિક્ષણ સહાયની સેવા આપતી અભિલાષા સમિતિ મહાસભાની અગત્યની સમિતિ છે અને પ્રતિ વર્ષ રૂા. પાંચ લાખ અંદાજેની સહાયનું વિતરણ સમાજના આર્થિક રીતે નબળા પરિવારોના સંતાનોને શિક્ષણ સહાય રૂપે કરે છે. ચાલો, નવા વર્ષના પ્રારંભે આ સમિતિને મદદરૂપ બનવા સંકલ્પ લઇએ...**





- વિનોદ લીલાધર ચૌહાણ - પ્રભારી, ઉપપ્રમુખ



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# ।। લક્ષ્ય-૩ ।।

**વ્યાવસાયીક સંકલન, સંગઠન, સમૃદ્ધિ**


પ્રભારી : શ્રી પરેશભાઇ ગોવિંદભાઇ ચૌહાણ    સહપ્રભારી : શ્રી કિરીટભાઇ રમણીકભાઇ ચૌહાણ

માધવ માર્કેટીંગ - ૨૦૩, લાખાજીરાજ ટ્રસ્ટ ભવન, ઢેબર ચોક, રાજકોટ - ૩૬૦૦૦૧ મો. ૯૪૨૬૬૩૫૧૪૨, ૮૮૪૯૩૪૫૧૪૨ E-mail : paresh.lakshya@gmail.com


શુભ દિપાવલી

**'લક્ષ્ય' સમિતિ તરફથી સર્વે સમાજબંધુઓને દીપાવલી એવં નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ**

नूतन वर्षाभिनंदन

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા લક્ષ્ય સમિતિ દ્વારા દિવાળીના નૂતન વર્ષ પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના પાઠવે છે તથા નવા વર્ષ નિમિત્તે આપના જીવનના શારીરિક, માનસિક, આધ્યાત્મિક અને વ્યવસાય ક્ષેત્રના લક્ષ્ય મેળવી સફળતાની ટોચ પર પહોંચો તેવી હાર્દિક શુભેચ્છા પાઠવે છે. નવા વર્ષ દરમિયાન આપ વ્યવસાયિક ક્ષેત્રે ખૂબ જ પ્રગતિ કરી સામાજિક ક્ષેત્રે તન,મન અને ધનથી યથા યોગ્ય યોગદાન આપશો તેવી આશા રાખીએ છીએ. જય સમાજ.

શ્રી કચ્છ ગુજરાત ક્ષત્રિય સમાજ મહાસભાની લક્ષ્ય સમિતિ દ્વારા જમશેદપુર મુકામે યોજાયેલ બિઝનેસ મીટના પ્રતિભાવ હજી સુધી મળી રહ્યા છે તે એક ગર્વની વાત છે. પૂર્વોત્તર વિભાગના વ્યવસાયકોને એક મંચ પર એકત્રિત કરી તેમના વ્યવસાયથી એકબીજાને માહિતગાર કરી નેટવર્કિંગ દ્વારા સમાજ બંધુઓના વ્યવસાય વિકાસ સાથે સામાજિક વિકાસનો મુખ્ય એજન્ડા હતો.

આ બિઝનેસમીટ દરમિયાન આપણા સમાજના ઘણા મોટા ગજાના ઇન્ડસ્ટ્રીયાલિસ્ટો કે જેઓ પોતાની અતિ વ્યસ્તતાને કારણે સામાજિક કાર્યક્રમમાં જોડાઈ શકતા ન હતા પરંતુ આ બિઝનેસમીટ ના માધ્યમથી જોડાઈને સમાજને પોતાની કાર્યશેલી તથા વ્યવસાયિકતાનો પરિચય આપ્યો હતો.

આ બિઝનેસમેનની સૌથી મોટી ઉપલબ્ધિ હતી કે આપણા સમાજના ગૌરવ સમા કે જે ભારત સરકારના અતિ મહત્વપૂર્ણ ચંદ્રયાન પ્રોજેક્ટ સાથે અને બીજી ખૂબ જ મહત્વની ભારત સરકારની સંસ્થા સાથે જોડાયેલા એવા શ્રી વીપીનભાઈ રાઠોડ સહકુટુંબ આ મીટમાં પોતાનો સંપૂર્ણ બે દિવસનો સમય ફાળવ્યો હતો અને સમગ્ર સમાજ બંધુઓને મળી તેમના વિચારો જાણી ખૂબ જ પ્રભાવિત થયા હતા.

તેવા જે ખૂબ જ મોટા ગજ્જાના ઇન્ડસ્ટ્રીયાલિસ્ટ એવા શ્રી દિપકભાઈ ટાંકના નાનાભાઈ શ્રી અતુલભાઇ ટાંકનો પણ પ્રથમ જ વાર સમગ્ર મહાસભા અને સમાજથી પરિચય થયો કે જેઓ પોતાની સફળ પબ્લિક લિમિટેડ કંપનીની શરૂઆત કેટલા નાના પાયાથી કરી હતી અને તેમની સંઘર્ષ યાત્રા વર્ણવીને જણાવ્યું કે પૈસા માટે સફળતા અટકતી નથી પરંતુ સફળ થવા માટેની ધગસ તેમ થવા માટે ખુબજ જરૂરી છે.

આ ઉપરાંત આ મીટ દરમિયાન આપણા સમાજના યુવા વ્યવસાયક કારકોનો પણ પરિચય થયો જેમની ઔદ્યોગિક સાહસિકતા અને નવા વ્યવસાય વિશે જાણકારી તથા તેમણે મેળવેલા એવોર્ડ અને સન્માનનો વિશે માહિતી મેળવી અને આપણો યુવા ધન પણ ખૂબ જ સારું વ્યવસાયમાં નામ કાઢી રહ્યો છે તે જાણી આનંદ થયો. આમ બિઝનેસ મીટના માધ્યમથી સમાજના વિવિધ વ્યવસાયના લોકોને જોડવાનો પ્રયાસ મહદંશે સફળ થયો. આ મીટ દરમિયાન ખૂબ જ મહત્વના નિર્ણયો પણ લેવામાં આવ્યા જેમ કે લક્ષ્ય વિભાગના આર્ટિકલમાં આપણા સમાજના વ્યવસાયકારકો વિશે માહિતી આપવી તથા તેમની જરૂરિયાત વિશે પણ જાણકારી આપવી જેથી ભારત ભરના સમાજ બંધુઓ તેમની સાથે જોડાઈ તેમના વ્યક્તિગત વિકાસ સાથે સમાજ ઉત્કર્ષનું કાર્ય થઈ શકે તે માટે એક કોલમ શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું. આ ઉપરાંત લક્ષ્ય વિભાગની કોલમમાં મોટીવેશનલ લેખો સાથે સમાજના યુવા સ્ટાર્ટઅપ તથા અગ્રણીએ વ્યવસાયકારકો ની માહિતી પણ આપવાનું નક્કી કરવામાં આવ્યું. સમાજના ટોચ પર બિરાજમાન વ્યવસાયકારકો કે જેની જાણકારી આમ સમાજ બંધુઓને નથી તે વિશે માહિતી લક્ષ્યના માધ્યમથી આપી એવા લોકોને પણ સમાજ સાથે જોડી અને સામાજિક વિકાસમાં તેમની ભાગીદારી લેવાનું નક્કી કરવામાં આવ્યું.

આ કડીમાં આગળ વધવા માટે ભારતભરના નાનામાં નાના વ્યવસાયકારકો થી લઈ મોટા ગજાના ઇન્ડસ્ટ્રીયલ કે પોતાની ફોરવર્ડ કે બેકવર્ડ ઇન્ટીગ્રેશન માટેની જરૂરીયાત ની માહિતી નીચેના ફોર્મેટમાં મોકલી આપવા વિનંતી છે. દર વખતે જગ્યાની અનુકૂળતા મુજબ તે માહિતી પ્રકાશિત કરવામાં આવશે.

## માહિતી આપવા માટેનું ફોર્મ માં નીચે મુજબ છે.

વ્યક્તિનું નામ : ________________________________

પેઢીનું નામ : ________________________________

વ્યવસાય નું સરનામું : ________________________________

વ્યવસાયની ટૂંકમાં વિગત : ________________________________

કોન્ટેક્ટ નંબર : ________________________________

પોતાની જરૂરિયાત : ________________________________

(રો મટીરીયલ, નેટવર્કિંગ, વેચાણ મેનપાવર, મશીનરી ડિસ્ટ્રિબ્યુશન જે જરૂરિયાત હોય તેની ટૂંકમાં માહિતી આપવી)

કોન્ટેક કરવા માટે અનુકૂળ સમય : ________________________________

નોંધઃ- ઉપરોક્ત માહિતી આવેદકે આપ્યા મુજબ આપેલ હોય તેની ખરાઈ અને યોગ્યતા તેમની સાથે જોડાનાર સમાજ બંધુએ વ્યક્તિગત રીતે કરી લેવી તેમની સાથેના કોઈપણ વ્યવહાર માટે મહાસભા કે લક્ષ્ય સમિતિ જવાબદાર રહેશે નહીં તેની ખાસ નોંધ લેવી.

લક્ષ્ય વિભાગમાં લોકો એકબીજા સાથે વ્યવસાયિકતાથી જોડાઈ શકે તે માટે પણ પોતાની માહિતી આપી શકે છે જે પણ અનુકૂળતા મુજબ આપવામાં આવશે.

## શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર (ભગવાન બાબા રામદેવપીર મંદિર) વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, SBE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. **ખાસ નોંધ : તા. ૧૫-૦૧-૨૦૨૪ અરજી કરવાની છેલ્લી તારીખ છે.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BALRAM NARSIBHAI CHAWDA**
CHAWDA TRADERS, STATION ROAD,
RAIPUR - 492009 (C.G.)
Mob. : 09926172722
E-mail : brchawda@gmail.com

## શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. સહાય મેળવવા નીચે મુજબના નિર્દેશોનું પાલન કરતા અરજીપત્રક મંગાવવા વિનંતી.

(૧) અરજીપત્રકમાં માંગેલી સર્વે વિગતો પૂરેપૂરી ભરવી (૨) પાછલી પરીક્ષાની માર્કશીટની કોપી મોકલવી (૩) કોલેજમાં એડમીશન વખતે જમા કરેલ ફીસની રસીદની કોપી મોકલવી.

**તા. ૧૫-૦૧-૨૦૨૪ પહેલા અરજી કરવી.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BHARAT KANTILAL SAWARIA**
Hotel Mayura, Jaistambh Chowk, Nr. Raj Talkies,
G.E. Road, Raipur (C.G.) 492001 Mob. 09301825240
E-mail : bksawaria@gmail.com



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહિલા ઉત્કર્ષ

**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**


પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ ચેરપર્સન : શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભભાઇ રાઠોડ - જાલના

રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪


શુભ દીપાવલી

'મહિલા ઉત્કર્ષ' સમિતિ તરફથી સર્વે સમાજબંધુઓને દીપાવલી એવં નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ

નૂતન વર્ષાભિનંદન

સપને ઉનકે સચ હોતે હૈ, જીનકે સપનોમેં જાન હોતી હૈ ।
પંખો સે કુછ નહીં હોતા, હોંસલોં સે ઉડાન હોતી હૈ ।।

ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા બહેનોના આર્થિક વિકાસ સાથે સ્વરોજગાર તરફ પ્રેરીત કરી આત્મનિર્ભર બનાવા માટે "Learn & Earn" અંતર્ગત ૩૫ મો પ્રોજેક્ટ "Let's Get Creative with Acrylic Painting" નો વકશોપ તા. ૧૫-૦૯-૨૦૨૩, શુક્રવારના મુંબઇ પ્રાદેશિક અંતર્ગત આવતા કલ્યાણ ઘટકના સોનીકાબેન ચૌહાણ દ્વારા લેવામાં આવેલ.



શ્રીમતી સોનિકાબેન રાજેશભાઇ ચૌહાણે સ્વ. સરસ્વતીબેન કેશવજીભાઇ પરમારના પૌત્રી અને શ્રીમતી કૃતિકાબેન વિનેશભાઇ પરમાર (હાજાપર)ના પુત્રી (નિઝામાબાદ-તેલંગાણા) તથા શ્રીમતી જયશ્રીબેન નિતીનભાઇ ચૌહાણ - કલ્યાણ (સિનુગ્રા)ના પુત્રવધુ છે. તેમને એમ.બી.એ. એચ.આર. ડીગ્રી સાથે પી.જી. ડીપ્લોમા ઇન પેઇન્ટીંગ કર્યું છે. તેમના માસી અને મમ્મીના ડ્રોઇંગના શોખને બચપનથી અપનાવી લીધું અને સ્કુલમાં આવ્યા બાદ પ્રોગ્રેસના સાથે સાથે સ્કુલની સ્પર્ધાઓમાં ભાગ લેતા વરંગલ હૈદ્રાબાદમાં ફર્સ્ટ આવ્યા. ત્યાર બાદ આત્મવિશ્વાસ વધતો ગયો. એમ.બી.એ. દરમ્યાન ફરીથી પેન્ટીંગ ચાલુ કર્યું અને સમજાઇ ગયું કે એમની ખુશી શેમાં છે. એક્ઝામ પછી હૈદ્રાબાદ હોસ્ટેલમાં રહીને પેન્ટીંગનો બેઝીક કોર્સ કર્યો. સાથે જ રંગોળી, ડાન્સ, ફ્લાવર એરેન્જમેન્ટ બધાયમાં ભાગ લઇ ઇનામો પણ મેળવ્યા છે.

સોનિકાબેને એક્રેલીક અને આઇલ પેન્ટીંગ શીખ્યા પછી પાછળ ફરીને જોયું નથી. એમની હોસ્ટેલની બહેનપણીએ જ પ્રથમ ઓર્ડર આપ્યો. ત્યાર બાદ તેમને ઓર્ડર મળતા ગયા. એમને પેઇટીંગ્સ બનાવીને યુ.એસ. પણ મોકલી છે. પોતાના આ પેશનને ફોલો કરીને પેશનને પ્રોફેશન બનાવ્યું. નાગપુર કચ્છયાડમાં પેન્ટીંગ કમ્પીટીશનમાં ભાગ લીધો હતો અને ફર્સ્ટ આવ્યા હતા.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ અંતર્ગત શિક્ષણ સમિતિ દ્વારા પ્રજાસત્તાક દિન અવસરે આયોજીત ચિત્રકલા સ્પર્ધામાં ફર્સ્ટ આવ્યા હતા. ટોપીક હતું ''વુમન ઇમ્પાવરમેન્ટ'' સાથે જ બીજી કમ્પીટીશન ''સેવ એન્વાયરમેન્ટ''માં પણ ફર્સ્ટ આવ્યા હતા.

સોનિકાબેને પેન્ટીંગના ઓર્ડર્સ સાથે સાથે સમર ક્લાસીસ, હોબી ક્લાસીસ, થીમવાઇઝ ક્લાસીસ પણ લીધા છે જેમ કે ગણેશ ઉત્સવમાં ગણેશ પેન્ટીંગ, વેલેન્ટાઇન ડેના કપલ પેન્ટીંગ સાથે નાના બાળકોના પણ ક્લાસીસ લીધા છે. આ બધાજ વર્કશોપનું મોટીવ હતું ''એની વન કેન પેઇન્ટ''. આના માટે પહેલાથી પેન્ટીંગ આવડવું જરૂરી નથી.

મહિલા ઉત્કર્ષ સમિતિના આ "Learn & Earn" અંતર્ગત ૩૫મા પ્રોજેક્ટમાં સોનિકાબેને ખુબજ સરળ રીતે એક્રેલીક પેન્ટીંગની એક-એક ટેકનિક શિખવાડી હતી. જેમાં (૧) ગોલ્ડન લીફ એન્ડ નાઇફ ટેક્સચર ગણેશા પેન્ટીંગ (૨) બોટલ ટેક્સચર આર્ટ (૩) જ્વેલરી બોક્સ (ટેક્સચર ફ્લાવર) (૪) મીરર ટેક્સચર આર્ટ (૫) એક્વાટોરેબર્ગ (વન સ્ટ્રોક પેન્ટીંગ) (૬) સેન્ડ પેન્ટીંગ (૭) નાઇફ પેન્ટીંગ સાથે ઘણાય સરપ્રાઇઝ આર્ટ શિખવાડ્યા હતા. જેમ કે કોસ્ટર, કોનપેંટીંગ સાથે પેકીંગના ટીપ્સ સાથે આપણા ગીફ્ટ આર્ટીકલ્સના ઓર્ડર્સ કેવી રીતે લેવા, માર્કેટીંગ અને સેલ કેવી રીતે કરવું આ બધું જ ખુબજ સરસથી સમજાવ્યું - બતાવ્યું હતું.

સોનિકાબેન કહે છે મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ એક એવી સમિતિ છે જે મહિલાઓના આર્થિક ઉત્કર્ષ માટે સતત




નિરંતર કાર્યરત છે. "Learn & Earn" અંતર્ગત વિવિધ નવીનતમ વિષયો સાથે ઘણું બધું શિખવાડતા ગયા અને એમાં સફળ પણ રહ્યા છે. આપણા સમાજના ઘણા હિરલા છુપાયેલા છે પણ કહેવાય છે કે, હિરલાના પરખ તો જોહરી જ કરી શકે. એવી રીતે આ બધા હીરાને મીતાબેન શોધે છે, પછી એને તરાશે છે પછી તો આનો લાભ સમાજમાં પણી બધીજ બહેનોને મળે છે. આ માટે મીતાબેનને ખૂબ ખૂબ આભાર...

સમાજમાં નારી માનભેર જીવી રહે એ માટે તો સરકાર પણ જાગી છે. પણ પ્રથમ પહેલ તો સમાજથી જ થવી જોઇએ અને આમાં આપણો સમાજ ખુબ કાર્યરત છે. મહિલા ઉત્કર્ષ સમિતિના દર મહિને જુદા જુદા મહત્વપૂર્ણ "Learn & Earn" પ્રોજેક્ટના લીધે મહિલાઓ આત્મનિર્ભર બની શકે છે અને બને છે. મીતાબેને આ ૩૫મો પ્રોજેક્ટ મને આપ્યો. રાષ્ટ્રીય સ્તરનો મંચ આપી મારૂ આર્ટ બતાવવાનો મને અવસર આપ્યો અને હું આટલા સરસથી સરળતાથી બધાને શિખાડી શકી એ માટે આદ. મીતાબેનનો દિલથી ધન્યવાદ... ખૂબ ખૂબ આભાર.

મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ સૌથી નાની ઉંમરના સોનિકાબેન જેવા સમાજ માટે કંઇક કરવું છે એવી સમાજસેવાની ભાવના સાથે વિવિધલક્ષી કલામાં પારંગત, કલાત્મક, સૃજનશીલ, ઉત્સાહી, પ્રેમાળ, લાગણીશીલ વ્યક્તિત્વ ધરાવતા દિકરીને હૃદયથી સેલ્યુટ આપી, શબ્દસુમનોથી બિરદાવી... અભિનંદન આપી તેમના ઉજ્વલ જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી ખૂબ ખૂબ ધન્યવાદ આપે છે.

અધ્યક્ષા – શ્રીમતી મીતાબેન રાઠોડ – લાતુર

# શ્રી ક.ગુ.ક્ષ. કેળવણી મંડળ

**કચ્છ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા ઘટકોના વિદ્યાર્થી ભાઈ બહેનો માટે સરસ્વતી સન્માન કાર્યક્રમ** શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ દ્વારા **મંડળના પ્રમુખ શ્રી મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી માધાપરના અધ્યક્ષ સ્થાને** આયોજિત કરવા નક્કી કરેલ છે તે માટે નીચે જણાવ્યા મુજબની ફક્ત ટકાવારી મેળવેલ વિદ્યાર્થી ભાઈ બહેનોની માર્કશીટની ઝેરોક્ષ કોપીમાં ફરજિયાત પણે પોતાનું નામ,સરનામું, મોબાઈલ નંબર,મેળવેલ ટકાવારી અને જો ગ્રેડ દર્શાવેલ હોય તો ફરજિયાત પણે જે તે સ્કૂલમાંથી ટકાવારી લખાવી, સ્કૂલના સહી અને સિક્કા સાથે **તારીખ ૧૫.૧૧.૨૦૨૩** સુધી નીચે જણાવ્યા મુજબના પોતાના ગામના કેળવણી મંડળના સભ્યશ્રીઓ અથવા મંડળ ના પદાધિકારીઓને રૂબરૂમાં સુપ્રત કરવાનું રહેશે.**(ગ્રેડવારી માર્કશીટ સ્વીકારવામાં આવશે નહિ જેની નોંધ લેવી)**

**નોંધ :** મંડળ ના સભ્યશ્રીઓ અને પદાધિકારીઓએ પોતાની પાસે આવેલ આવી નિયત ટકાવારી વાડી માર્કશીટો દિવસ પાંચમાં મંડળના માનદ મંત્રી શ્રી વિનોદભાઈ ખોડિયાર – અંજાર કે અનીલભાઈ ચૌહાણ – કુકમા ને પહોંચતી કરવી.

★ LKG, UKG, નર્સરી ,બાલમંદિર અને ધોરણ ૧ થી ૮ માં ૯૫% કે ઉપર

★ ધોરણ ૯ અને ૧૦ માં ૮૫% કે ઉપર

★ ધોરણ ૧૧ અને ૧૨ (સામાન્ય પ્રવાહ) ૮૫% કે ઉપર

★ ધોરણ ૧૧ અને ૧૨ (સાયન્સ પ્રવાહ) ૮૦% કે ઉપર

★ Pri.PTC,PTC ,ITI, Nursing,Diploma courses ઉપરાંત અન્ય સંલગ્ન બે વર્ષના કોર્સિસના ફક્ત પાસિંગ વર્ષ એટલે કે ફાઇનલ એક્ઝામિનેશન નીજ (દા.ત.6th Sem,8th Sem,TY BA,TY B.COM) ટકાવારી માં ૭૦% કે ઉપર/CGPA 6.00 નુંજ સ્વીકારવામાં આવશે.

★ સ્નાતક તથા અનુસ્નાતકની તમામ કક્ષાએ ફાઇનલ એક્ઝામની માર્કશીટ ૬૦% કે વધુ અને Final Sem CGPA ૬.૦૦ કે ઉપર, **વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત વિદ્યાર્થીઓ માટે :** વિદ્યાર્થી રમત ગમત ની સ્પર્ધાઓ કે જે રાજ્ય કે રાષ્ટ્રીય લેવલે યોજાયેલ હોય અને રાજ્ય સરકાર કે રાષ્ટ્રીય સરકાર સ્પોંસર્ડ હોય અને એમા ૧,૨ કે ૩ ક્રમાંક સાથે વિજેતા થએલ હોય એવાજ ભાગ લઈ શકશે.

શૈક્ષણિક સિદ્ધિ હેઠળ PHD કે અનુસ્નાતક થી ઉપર ની ઉપલબ્ધિ કે જે માન્ય યુનિવર્સિટી દ્વારા આપવામા આવેલ હોય તેઓ ભાગ લઈ શકશે. મંડળ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ સમિતિની ભલામણો ને સામાન્ય સભાએ અનુમતિ આપતા ચાલુ સાલ થી ઇનામો માટે પ્રથમ,બીજા અને ત્રીજા ક્રમ તથા આશ્વાસન ત્રણ એમ છ જ વિદ્યાર્થીઓ ને સામેલ કરવામાં આવશે જેની દરેકે નોંધ લેવી.

માનદ મંત્રી – શ્રી વિનોદભાઈ ખોડિયાર – અંજાર
માનદ્ મંત્રી – શ્રી અનીલભાઈ ચૌહાણ – કુકમા

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## માધાપર ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માધાપરના સહકારથી આયુષ્યમાન કાર્ડ નિઃશુલ્ક બનાવી આપવા માટેના કેમ્પનું આયોજન શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટકના પ્રમુખ અને 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના માર્ગદર્શન હેઠળ તા. ૨૮-૦૮-૨૦૨૩ના સમાજ ભવનમાં આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં કુલ ૫૧ લોકોએ લાભ લીધો હતો. જ્યારે આભા કાર્ડ (હેલ્થ આઇ.ડી. કાર્ડ) કુલ ૫૫ લોકોએ લાભ લીધો. આમ અત્યાર સુધી ૩૫૦થી પણ વધારે લોકોએ આયુષ્યમાન કાર્ડ બનાવવાનો લાભ લીધેલ છે.

કેમ્પની વ્યવસ્થામાં શ્રી મહેન્દ્રભાઇ વરૂ, શ્રી બાબુલાલભાઇ ચૌહાણ, શ્રી કાન્તીલાલ સોલંકીએ સેવા આપેલ હતી તેમજ લાભાર્થી ભાઇ-બહેનો અને વડીલાએ પણ ખુબ સરસ સાથ-સહકાર આપેલ હતો. કાર્ડ બનાવવાનો તમામ ખર્ચ ઘટક પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકીએ આપવાની જાહેરાત કરી હતી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માધાપરના શ્રી મિતેષભાઇ આહિર, શ્રી હિતેશભાઇ ડોડીયા, શ્રી ધવલભાઇ ગોહીલ અને ભાવિકાબેન જંગમે સંભાળી હતી. મંત્રી શ્રી ગિરીશભાઇ ચૌહાણે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ગોંદિયા ઘટક



શ્રી ગુર્જર ક્ષત્રિય સમાજ ગોંદિયાની મહા સમિતિની બેઠક રવિવાર, તા. ૧૭ સપ્ટેમ્બર-૨૦૨૩ના સમાજ ભવનમાં આયોજીત કરવામાં આવી હતી. સભાની શરૂઆત સમાજમાં થયેલ દિવંગત સભ્યોને બે મિનિટ મૌન પાડી શ્રદ્ધાંજલી આપવામાં આવી. મંત્રી જીતેન્દ્રભાઇ જે. પરમાર દ્વારા પાછલી મહાસમિતિની બેઠકમાં અહેવાલનું પઠન કરવામાં આવ્યું હતું તથા સર્વાનુમતે અહેવાલને મંજુરી પ્રદાન કરવામાં આવી હતી.

તેવી જ રીતે વર્ષ ૨૦૨૨-૨૩ હિસાબનું વાંચન કરવામાં આવ્યું હતું તથા સર્વાનુમતે મંજુરી લેવામાં આવી હતી. વર્ષ ૨૦૨૩-૨૪નું બજેટ મંત્રી જીતેન્દ્રભાઇ પરમાર દ્વારા વાંચી સંભળાવવામાં આવ્યું તથા સર્વાનુમતે મંજુરી લેવામાં આવી હતી. વર્ષ ૨૦૨૩-૨૪ માટે ઓડીટર શ્રી રાજેશ વ્યાસની નિયુક્તિ કરવામાં આવી હતી. આવાસ યોજનામાં ખાલી પડેલા મકાન બાબત જાણકારી આપવામાં આવી હતી તથા સુધારા-વધારા બાબત ઉપસ્થિત સર્વેને જાણકારી આપવામાં આવી હતી.



સમાજ ભવનમાં ઉપરમાં બની રહે (૬) રૂમ તથા વૉશરૂમ વગેરેમાં ટાઇલ્સ ફીટીંગ કરી કાર્ય પૂર્ણ કરવામાં આવે છે. ઉપરોક્ત રૂમના બાંધકામ માટે કુ. છાયાબેન શામજીભાઇ રાઠોડના પરિવાર દ્વારા ૫૧,૦૦૦/- દાન દેવાની જાણકારી આપવામાં આવી હતી. ગોંદિયા ઘટક દ્વારા ફુલગુચ્છ આપી એમનું સમ્માન કરવામાં આવ્યું હતું. સમાજના ઘનિષ્ઠ કાર્યકર્તા શ્રી વિનયભાઇ મુલજીભાઇ પરમાર તથા શ્રી સંજયભાઇ સુરેશભાઇ પરમાર અધિક મહેનત કરી સમાજના લોકો માટે સરકારી કાર્યાલયમાં જઇ આધાર કાર્ડ અપડેટ માટેની પરવાનગી લઇ સમાજ ભવનમાં ૬૬ સદસ્યોના આધારકાર્ડ અપટુડેટ કરાવેલ. તેવી જ રીતે સમાજના સદસ્યો માટે આયુષ્યમાન કાર્ડ તથા આભા કાર્ડ પણ લગભગ ૫૫ સદસ્યો માટે બનાવવામાં આવે જેણે સમાજના સદસ્યોએ લીધેલ હતો. ઉપરોક્ત કાર્ય માટે જે પણ ખર્ચ થયેલ હતો તે શ્રી વિનયભાઇ મુલજીભાઇ પરમારે વહન કરેલ છે. આ માટે તેઓ અભિનંદનને પાત્ર છે. મીટીંગ બાદ સર્વેએ ભોજન લઇને જવા આગ્રહ કરવામાં આવેલ.

## રાંચી ઘટક





પ્રવાસ દરમિયાન બસમાં ભજન, ફિલ્મી ગીતો, જોક્સ અને અન્ય મનોરંજન પીરસવામાં આવેલ. જેમાં શ્રીમતી દિમીબેન ટાંક (રાજનાંદગાંવ), શ્રીમતી ઉષાબેન ચૌહાણ (કુકમા) શ્રીમતી પ્રતિમાબેન વેગડ (મુંબઇ), શ્રીમતી હર્ષાબેન સોલંકી (હૈદ્રાબાદ) વગેરેએ પોતાની કલાના કામણ પાથરેલ હતા. પ્રવાસમાં જોડાયેલા શ્રી અનિલભાઇ જેઠવા (ચાઇબાસા), શ્રી સુરેશભાઇ પરમાર (ભુજ), શ્રી ભરતભાઇ પરમાર (માધાપર), શ્રી જીતેશભાઇ પરમાર (ગાંધીધામ) તથા શ્રી ધીરેનભાઇ ટાંક (ભુજ)એ પ્રવાસમાં ફોટોગ્રાફી સેવા આપેલ હતી. પ્રવાસના આયોજમાં આયોજકો સાથે શ્રી વિજયભાઇ આર. સોલંકી તથા શ્રી વિનોદભાઇ એલ. ચૌહાણે વ્યવસ્થા સંબંધી સહયોગ આપેલ હતો. શ્રીમતી અમિતાબેન સોલંકીનું કુશળ નેતૃત્વ સૌ પ્રવાસીઓની પ્રશંસાને પાત્ર બનેલ હતું.

- શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ - મહામંત્રી

- શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ - મહામંત્રી

## ઓખા મહિલા મંડળ





ઓખા મહિલા મંડળ દ્વારા પવિત્ર શ્રાવણ માસ દરમિયાન પ્રવાસનું આયોજન તા. ૨૭-૦૮-૨૦૨૩ના રોજ કરવામાં આવેલ હતું. સર્વે બહેનો બસ દ્વારા ભજન-કિર્તન કરતા પ્રવાસ માટે ઓખાથી નીકળી સૌ પ્રથમ શ્રી ખોડિયાર માતાના મંદિરે દ્વારકા આરતીનો લાભ લઇને ત્યાંથી આલબાઇ માં મંદિરે (આસોટા), સમર્થધામ (મોવાણ) જુનગીવાળાના મંદિરે બપોરે પહોંચ્યા. તે દિવસે અગિયારસ હોઇ સર્વે બહેનોએ વનભોજન (ફળાહાર) કરેલ હતું. ત્યાર બાદ પ્રવાસ આગળ વધતા જૈન મંદિર, ચંદ્રભાગા, સુવર્ણ મંદિર, ચમત્કારી હનુમાન મંદિરેથી પાછા ઓખા રવાના થઇ રાત્રે ૯.૦૦ કલાકે ઓખા પરત આવ્યા હતા. તે આખો દિવસ પ્રવાસ ભજન-કિર્તન કરતા હર્ષોલ્લાસ સાથે મળીને વિતાવેલ.

## આદિપુર ઘટક

તા. ૧૯-૮-૨૩, શનિવારના રોજ આદિપુર મહિલા મંડળની કીટી પાર્ટીનું આયોજન ખજાનચી શ્રીમતી કલ્પનાબેન વલ્લભજીભાઇ વાઘેલાના ઘરે કરેલ હતું. ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર દિનના સંદર્ભમાં ઉજવણી કરેલ. પ્રભુ પ્રાર્થના બાદ, વન મીનીટ ગેમ રમેલ તેમાં પ્રથમ શ્રીમતી મૌસમી રવિભાઇ ટાંક અને બીજા નંબરે શ્રીમતી તૃમીબેન રાજેશભાઇ વાઢેર આવેલ.

૧૫ ઓગષ્ટની થીમ પર બધા ડ્રેસ કોડમાં આવેલ તેમજ



બધાએ પોત-પોતાની રીતે ૧૫ ઓગષ્ટ થીમ પર રજુઆત

કરેલ. તેમાં પ્રથમ નંબરે શ્રીમતી નેહાબેન અમિત રાઠોડ, બીજા ક્રમે શ્રીમતી પલ્લવીબેન મહેશભાઇ પરમાર અને ત્રીજા ક્રમે શ્રીમતી કોકીલાબેન બલરામભાઇ ગોહિલ આવેલ. ત્યાર બાદ હાઉઝી ગેમ પણ રમેલ. બધા વિજેતાને શ્રીમતી કલ્પનાબેન વલ્લભજીભાઇ વાઘેલા તરફથી ઇનામ આપવામાં આવેલ. ત્યાર બાદ બધાએ નાસ્તો કરેલ અને છુટા પડેલ.



## રાયપુર મહિલા મંડળ





ટીમ રાયપુર મહિલા મંડળ દ્વારા પવિત્ર શ્રાવણ માસના છેલ્લા સોમવાર, તા. ૧૧-૯-૨૩ના મહારૂદ્રાભિષેકનું આયોજન પંડી શ્રી રઘુવરદાસજી મહારાજ દ્વારા ૧૬ યજમાનો સાથે સમાજ ભવનના પ્રાંગણમાં કરવામાં આવેલ. પૂજા પછી ફળાહારની વ્યવસ્થા કરવામાં આવેલ. આ આયોજનમાં ઘટકની બધી પાંખોની ઉપસ્થિતિ હતી. ટીમ રાયપુર મહિલા મંડળ દ્વારા મંથલી મીટીંગ તા. ૧૮-૦૯-૨૦૨૩ના સમાજ ભવનમાં રાખવામાં આવેલ. પ્રભુ પ્રાર્થના, આરતી, થાળ કરી મીટીંગની શરૂઆત કરવામાં આવેલ. રાખડી અને ગણેશ ચતુર્થીના ઉપલક્ષમાં રાખડી અને માટીથી ગણેશ બનાવવાની સુંદર સ્પર્ધા રાખવામાં આવેલ. સ્પર્ધાના વિજેતામાં પ્રથમ - દિપાબેન સોલંકી, દ્વિતીય - હર્ષિદાબેન વરૂ, તૃતિય - ભાનુબેન ટાંક, સાંત્વના - લીલાબેન રાઠોડ, ચેતનાબેન વાઢેર. રાખડીના વિજેતામાં વંદનાબેન વાઢેર. અંતમાં હાઉઝી અને ગેમ રમી અલ્પાહાર લઇ સહુ છુટા પડ્યા હતા.


## કેંજોરગઢ મહિલા મંડળ



કેંજોરગઢ મહિલા મંડળ દ્વારા તા. ૨૫-૦૯-૨૦૨૩ના સમાજવાડીમાં રામદેવપીર જયંતીનું આયોજન ખુબ ધૂમધામથી કરવામાં આવ્યું હતું. સાંજે ૪.૦૦ વાગ્યે શ્રી લક્ષ્મીનારાયણ મંદિરમાં ભજન તથા આરતી કર્યા બાદ રામદેવપીરનો વરઘોડો ત્યાંથી વાજતે-ગાજતે નીકળી સમાજવાડી પહોંચ્યો હતો. રાસગરબાની સાથે સમાજવાડી પહોંચ્યા બાદ મહિલા મંડળ તથા ઓમભાઇની ભજનમંડળી દ્વારા રામદેવપીરના ભજનો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. ભજનનો કાર્યક્રમ રાત્રે ૧૦.૩૦ વાગ્યા સુધી ચાલ્યો હતો. ત્યાર બાદ આરતી કરવામાં આવી હતી. આ ઉપલક્ષે સૌ ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આરતી બાદ સૌ ભક્તો મહાપ્રસાદનો લાભ લઇ પોત-પોતાના ઘરે રવાના થયા હતા. ગામના બધા ભાઇઓ-બહેનો ઉપસ્થિત રહી આ આયોજનને સફળ બનાવ્યો હતો. ઘટક તથા યુવા મંડળના સદસ્યોએ પણ પોતાનો પૂરો સહયોગ આપ્યો હતો.

# રાંચી મહિલા મંડળ







શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય રાંચી મહિલા મંડળ દ્વારા ધાર્મિક યાત્રા ટુટીઝરના શિવ મંદિર રાયગઢ (ઝારખંડ)નું આયોજન તા. ૧૮-૦૯-૨૦૨૩ના મહિલા મંડળ પ્રમુખ મંગળાબેન કિશોરભાઇ રાઠોડ તથા મંત્રી હંસાબેન દિલીપભાઇ વાઢેર દ્વારા કરવામાં આવ્યું હતું. યાત્રામાં આપણા સમાજની ૫૦ મહિલાઓ શામેલ હતી અને બસ દ્વારા ગયા હતા. મંદિર રાંચીથી ૬૦ કી.મી. દુર હતું. ગોયોથી બરકાકાના રેલવે લાઇનનું આપણા સમાજના રેલવે કોન્ટ્રાકટર ખેડોઇ નિવાસી શ્રી રામજીભાઇ વાલજીભાઇ પરમાર દ્વારા ૧૯૨૫માં કરવામાં આવ્યું હતું. રેલવેલાઇન બનાવવાનું કામ થતું હતું ત્યારે મોટીની જરૂર પડતા બગલમાં ટેકરી જનર આવી, તેને ખોદકામ કરતા સમયે મંદિરનું ઘુમ્મટ નજર આવ્યું અને વધારે ખોદકામ બાદ આખું મંદિર જમીન નીચેથી નિકળી આવ્યું. આપણા સમાજના શ્રી રામજીભાઇ વાલજીભાઇ પરમારે મંદિરનું જીર્ણોદ્ધાર કરાવ્યો. મંદિરમાં શિવલીંગ છે. જેના ઉપર મા ગંગા સ્વયં ૨૪ કલાક જળાભિષેક કરે છે. શિવ લીંગ ઉપર નિરંતર જલધારા વહેતી રહે છે. પાણી ક્યાંથી આવે છે વૈજ્ઞાનિક જાંચમાં પણ સફળતા મળી નથી. એવી માન્યતા. છે. બગલમાં હેંડપંપ (ચાપાકલ) છે. ચલાવ્યા વગર ૨૪ કલાક પાણી નિકળતું રહે છે. જ્યારે બગલમાં નદી છે. તે સુકાઇ ગઇ છે. રાયગઢથી ૭ કી.મી. દુર છે. મંદિરમાં દર્શન કર્યા બાદ બધી મહિલાઓ રાયગઢમાં હીનાબેન કોટેચાના પાર્ટી પ્લોટમાં જલારામબાપાનો પાઠ કર્યો હતો. હીનાબેન દ્વારા બધી બહેનોને જમવાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે પ્રસાદ લઇને બધી મહિલાઓ બસ દ્વારા રાંચી આરામથી પહોંચ્યા હતા.

# કલ્યાણ મહિલા મંડળ





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કલ્યાણ મહિલા મંડળ દ્વારા પાવન પુરૂષોત્તમ માસમાં ઉજ્જૈન મહાકાલેશ્રવર અને ઓમકારેશ્વર, મમલેશ્વર જ્યોતિર્લિંગના દર્શન તથા નર્મદા નદીમાં સ્નાન કરવાનું તેમજ ૩ દિવસની ધાર્મિક યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. જેમાં મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી હર્ષીદાબેન હિનેશભાઇ રાઠોડ તથા ઉપપ્રમુખ શ્રીમતી મીતાબેન વિનોદભાઇ ખોડિયાર સાથે ૨૨ બહેનો કલ્યાણથી યાત્રા પ્રવાસમાં જોડાઇ ખુબજ આનંદ માણ્યો હતો.

મહિલા મંડળ દ્વારા શ્રી પુરૂષોત્તમ માસ નિમિત્તે એક દિવસ બસ દ્વારા નાસીકમાં ગોદાવરી નદીમાં સ્નાન અને સર્વે તિર્થના કુંડમાં સ્નાન કરવાનું આયોજન કરવામાં આવેલ હતું. મહિલા મંડળ દ્વારા શ્રાવણ માસમાં કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે આઠમા હિંડોળા સજાવટની સ્પર્ધાનું આયોજન રાખવામાં આવેલ. જેમાં પ્રથમ આવનાર કુમારી ગ્રીષા હિનેશભાઇ રાઠોડ, દ્વિતીય - શ્રીમતી સોનલબેન ભાવેશભાઇ ચૌહાણ, તૃતિય - શ્રીમતી ઉષાબેન હરસુખભાઇ ચૌહાણ તથા આશ્વાસન શ્રીમતી સંગીતાબેન મુકેશભાઇ રાઠોડને ઇનામ આપવામાં આવેલ હતા.

## દુર્ગ મહિલા મંડળ

સામુહિક શ્રીમદ્ ભાગવત કથા દુર્ગ ઘટકના આંગણે સમાજ ભવનમાં હરિદ્વારના મહારાજ શ્રી પ્રમોદકુમાર મહારાજજીની મધુરવાણીમાં તા. ૧-૧૦-૨૦૨૩ થી ૮-૧૦-૨૦૨૩ સુધી આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૧૮ ભાગવત પોથી જેમાં નાગપુર, ચીરમીરી, દુર્ગ, જયપુર, રાયગઢ, બેંગ્લોર વગેરે શહેરોથી યજમાનોએ પોતાની ભાગીદારી નોંધાવી હતી. દુર્ગ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી જયશ્રીબેન ચાવડાને ભાગવત સમિતિના સહપ્રભારીનો કાર્યભાર સોંપવામાં આવેલ. તેમના નેતૃત્વમાં મંડળની બધી બહેનો કાર્ય કરતા હતા. આ સમુહ ભાગવત કથામાં દુર્ગ મહિલા મંડળને ભાગવત કથા સપ્તાહ દરમ્યાન જે પણ કાર્ય હતા તે સર્વે મહિલા મંડળને સોંપવામાં આવેલ હતો.

આ મહિલા મંડળનું સૌભાગ્ય હતું કે દુર્ગ ઘટક કમીટીએ મહિલા મંડળ ઉપર વિશ્વાસ રાખીને ભાગવત કથા સપ્તાહનું આયોજન કરવાનું કાર્ય મહિલા મંડળને સોંપવામાં આવ્યું.



મંડળની બહેનો આઠ દિવસ સુધી સતત સેવા આપી આ આયોજનની સફળતાપૂર્વક ઉજવણી કરી. ભાગવત કથાની બધી જવાબદારી જેમ કે સવારની પૂજા, પોથી પૂજન, આરતી, પ્રસાદ, કથામાં ઉજવાતા ઉત્સવો જેમાં રામ જન્મ, કૃષ્ણ જન્મ, ગોવર્ધન પૂજા, રાસલીલા વગેરે આકર્ષક ઝાંખીઓ દ્વારા પ્રસ્તુત કર્યા હતા. આ આયોજનમાં મહિલા મંડળ સાથ યુવા મંડળ, જનકલ્યાણ સમિતિ, ઘટકની કાર્યકારીણી ટીમ તથા સમાજના સમસ્ત સેવાભાવી ભાઇ-બહેનોના સાથ-સહકારથી આ મહાન કાર્ય સફળતાપૂર્વક પુર્ણ થયું હતું.

## મુલુન્ડ મહિલા મંડળ

મુલુન્ડ મહિલા મંડળની સપ્ટેમ્બર મહીનાની મીટીંગ મુલુન્ડ સ્થીત તરલાબેન શૈલેષભાઇ ટાંકના ઘરે રાખવામાં આવી હતી. મીટીંગની શરૂઆત ત્રણ વખત 'ૐ' બોલીને કરવામાં આવી હતી. ત્યાર બાદ ૧૫મો અધ્યાય, ગાયત્રી ચાલીસાનો પાઠ, હનુમાન ચાલીસાનો પાઠ અને ચાર ભજન કર્યા હતા. ત્યાર બાદ તરલાબેને બહુજ સરસ એક મિનિટમાં રમાઇ જાય એવી ગેમ રમાડી હતી. એ ગેમમાં વિજેતા થયેલા ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ નંબરને ઇનામ આપેલ હતા.

એ ગેમ એવી હતી કે, બીજા બધા સભ્યોને પણ ગીફ્ટ મળી હતી. તરલાબેન શૈલેષભાઇએ હરીદ્વારમાં જ્યોતિબેન ટાંક, નિર્મળાબેન ટાંક અને કાંતિભાઇ ટાંક પાછળ કથા કરાવેલ હતી. તો બધા મહિલા મંડળના બહેનોને પ્રસાદ રૂપે ધૂપ કરવાનું સ્ટેન્ડ અને પંચામૃતનો કપ બધા બહેનોને આપેલ હતો અને ખુબ



સરસ સ્વાદિષ્ટ નાસ્તાનું પણ આયોજન કરેલ હતું. મહિલા મંડળ તરફથી પણ મોદક બનાવવાની સ્પર્ધા રાખેલ હતી અને સપ્ટેમ્બર મહીનામાં જેટલા બહેનોનો બર્થડે હતો એ બહેનોને મહિલા મંડળ તરફથી ગીફ્ટ આપવામાં આવી હતી. આમ અંતમાં બહેનોમાં ખુશી વર્તાતી હતી. છેલ્લે વંદનાબેન પરમારે તરલાબેનનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો અને તરલાબેને ઉપસ્થિત બધા બહેનોનો આભાર વ્યક્ત કર્યો હતો અને સૌ છુટા પડ્યા હતા.

## મુંબઇ મહિલા મંડળ (પશ્ચિમ)

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મુંબઇ મહિલા મંડળ દ્વારા ૧૫ ઓગષ્ટ ૨૦૨૩ના સ્વતંત્રતા દિન નિમિત્તે ત્રિરંગી ગોઠવણી અંતર્ગત બહેનોએ પોતાના જ ઘરમાં મળી આવતી રાષ્ટ્રધ્વજના ત્રણ રંગોની વિવિધ વસ્તુઓ દ્વારા સુંદર અને અદ્ભૂત ગોઠવણી કરી હતી. તા. ૧૯ ઓગષ્ટ ૨૦૨૩ના રોજ વસઇ સ્થિત કચ્છ દરબારમાં પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. બહેનોએ ઉત્સાહભેર તેમાં ભાગ લીધો હતો. સાંજના ૬ વાગે આવનાર સૌ





બહેનો નિશ્ચિત સ્થળ પર પહોંચી ગયા હતા. સૌ પ્રથમ સૌએ નાસ્તાની લીજ્જત લીધી હતી. ત્યાર બાદ અધિક મહિનાનું સૌ કોઇનું માનીતું એવું ગીત આંબુડો-જાંબુડો ગીતની મજા લીધી. ત્યાર બાદ શ્રીમતી રોમાબેન પરમાર અને શ્રીમતીબેન વેગડ એ બહેનોને જુદી જુદી રમતો રમાડી બહેનાએ હાથમાં રસપૂર્વક મહેંદી મુકાવી. ત્યાર બાદ બહેનોએ ગરબા રમી તેનો આનંદ લીધો હતો. કચ્છ દરબાર દ્વારા આયોજીત પારંપરિક નૃત્યનો પણ બહેનોએ લાભ લઇ આનંદ માણ્યો હતો. ત્યાર બાદ રમતમાં વિજેતા બનેલી બહેનોને મહિલા મંડળ તરફથી ઇનામ આપવામાં આવ્યા અને બાકીની બહેનોને પ્રોત્સાહન ઇનામ આપવામાં આવ્યા હતા. ત્યાર બાદ રાત્રી ભોજનમાં અનેક જાતની વાનગીઓની લીજ્જત માણી, પિકનિકમાં લીધેલ આનંદને વાગોળતા સૌ છુટા પડ્યા હતા. ચંદ્રયાન મિશનની સફળતાને ઉજવવા ચંદ્રયાનની સાથે અંતર્ગત બહેનોએ પોતાની ભાવનાઓ વ્યક્ત કરી હતી. રક્ષાબંધન નિમિત્તે બહેનોએ પોતાના ભાઇ સાથે નામ ફોટા તેમજ સંદેશ ગ્રુપમાં શેર કર્યા હતા. સપ્ટેમ્બર મહિનામાં જન્માષ્ટમી નિમિત્તે, સેલ્ફી વીથ ક્રિષ્ના અંતર્ગત બહેનોએ પોતાના ઘરે, લડુ ગોપાલને શણગારી તેની સાથેના ફોટાઓ ગ્રુપ ઉપર શેર કર્યા હતા. ગણેશ ચતુર્થી નિમિત્તે બહેનોએ પોતાના ઘરે ગણેશ સ્થાપનાના ફોટા ગ્રુપ ઉપર શેર કર્યા હતા.

## હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ





હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ દ્વારા સપ્ટેમ્બર મહિનામાં પવિત્ર શ્રાવણ માસમાં તા. ૦૯-૦૯-૨૦૨૩ના સાવન કી સૈરનું આયોજન કરવામાં આવ્યું હતું. નદી સ્નાન, શંકર ભગવાન અને બદ્રીનાથ ભગવાનના મંદિરના દર્શનનું પ્રોગ્રામ રાખવામાં આવ્યું હતું. આ સાવનની સૈર યાત્રાના પ્રાયોજક શ્રીમતી ભારતીબેન એન. ચાવડા, શ્રીમતી ત્રિવેણીબેન ખોડિયાર અને મહિલા મંડળ મંત્રી શ્રીમતી મનિષા વી. ખોડિયાર હતા. ૫૨ બહેનોએ આ પ્રવાસમાં હાજરી આપી હતી. સવારે ૭ વાગે બસમાં નાસ્તો કરીને પ્રસ્થાન કર્યું. મંદિર પાસે પહોંચીને નદી સ્નાનનો લાભ લીધો. શંકર ભગવાન મંદિરે મંત્રોચ્ચાર સાથે બધાએ પૂજા અને અભિષેક કર્યો. બપોરના ભોજન પછી મનિષાબેન, શીલાબેન એ ગેમ અને તંબોલા રમાડ્યું હતું. રેડ, યલ્લો, ઑરેન્જ કલરનું ડ્રેસ કોડ હતું. જેમાં સરપ્રાઇઝ આપ્યા. પછી પાંચ વાગે બદ્રીનાથ મંદિરના દર્શન કરીને ચા-નાસ્તો કરીને ઘરે જવા માટે બધા બહેનોએ એક બીજાથી વિદાય લીધી. સાવન કી સૈરના પ્રાયોજક ભારતીબેન, ત્રિવેણીબેન, મનિષાબેન એ બધી વ્યવસ્થા સારી રીતે કરી હતી.

## શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ

# વાર્ષિક અધિવેશન - રાયપુર (છ.ગ.)

## કાર્યવાહક સમિતિ સભાની સૂચના

પ્રતિ,

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળના હોદ્દેદારશ્રીઓ, સભ્યશ્રીઓ, કાર્યવાહક સમિતિના સર્વે સન્માનનીય સભ્યશ્રીઓ...

જય સમાજ સહ નિવેદન કે યુવા મહામંડળની કાર્યવાહક સમિતિની બેઠક છત્તીસગઢ પ્રાદેશિક અંતર્ગત આવતા રાયપુર ઘટકના સ્નેહમય આમંત્રણથી નિમ્નલિખિત સમય અને સ્થળે યુવા મહામંડળ પ્રમુખ શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણના અધ્યક્ષ સ્થાને આયોજીત કરવામાં આવેલ છે. જેમાં આપ સૌ મહાનુભાવશ્રીઓ અનિવાર્યપણે ઉપસ્થિત રહી સમાજના યુવાનોના ઉત્કર્ષમાં પોતાનું બહુમુલ્ય યોગદાન આપવા આમંત્રણ છે.

**તા. ૨૩/૧૨/૨૦૨૩, શનિવાર,**
**સમય : સવારે ૧૧.૩૦ થી ૧.૩૦ કલાક**
**સ્થળ : શ્રી મારૂતિ મંગલમ ભવન, રાયપુર (છત્તીસગઢ)**

**:: કાર્યસૂચી ::**

★ દીપ પ્રાગટ્ય
★ પ્રભુ પ્રાર્થના
★ સ્વાગત
★ શ્રદ્ધાંજલિ
★ ગત સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી
★ યુવા મહામંડળ પ્રમુખ શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણનું ઉદ્‌બોધન
★ અખિલ ભારતીય યુવા મહામંડળના હોદ્દેદારોના અહેવાલ
★ યુવા ઉત્કર્ષના કાર્યો માટે ચર્ચા-વિચારણા
★ સત્ર ૨૦૨૪-૨૦૨૬ માટે આવેલ પ્રસ્તાવો ઉપર ચર્ચા અને નિર્ણય
★ ઉપસંહાર

નોંધ : જે કોઇ યુવાન પોતાના સુઝાવ મોકલવા ઇચ્છતા હોય તેમને વિનંતી કે, તા. ૩૦-૧૧-૨૦૨૩ સુધી **મહામંત્રી શ્રી અનમોલ મહેન્દ્રભાઇ ટાંક**ને kgkyuvamahamandal@gmail.com પર ઇ-મેલ કરી આપે.

**વિનિત : અનમોલભાઇ એમ. ટાંક**
**મહામંત્રીશ્રી – મો. ૯૬૮૫૪૬૯૮૮૮**

## શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ

# વાર્ષિક અધિવેશન - રાયપુર (છ.ગ.)

## સામાન્ય સભાની સૂચના

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય અખિલ ભારતીય યુવા મહામંડળના હોદ્દેદારશ્રીઓ, સભ્યશ્રીઓ, કાર્યવાહક સમિતિના સર્વ સન્માનનીય સભ્યશ્રીઓ, ભારતભરના યુવા મંડળોના પ્રમુખશ્રી/મંત્રીશ્રી તેમજ યુવા ભાઇઓ-બહેનો...

જય સમાજ સહ નિવેદન કે યુવા મહામંડળની સામાન્ય સભાની બેઠક છત્તીસગઢ પ્રાદેશિક અંતર્ગત આવતા રાયપુર ઘટકના સ્નેહમય આમંત્રણથી નિમ્નલિખિત સમય અને સ્થળે યુવા મહામંડળ પ્રમુખ શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણના અધ્યક્ષ સ્થાને આયોજીત કરવામાં આવેલ છે. જેમાં આપ સૌ મહાનુભાવશ્રીઓ અનિવાર્યપણે ઉપસ્થિત રહી સમાજના યુવાનોના ઉત્કર્ષમાં પોતાનું બહુમુલ્ય યોગદાન આપવા આમંત્રણ છે.

**તા. ૨૪/૧૨/૨૦૨૩, રવિવાર,**
**સમય : સવારે ૧૧.૦૦ થી ૧.૩૦ કલાક**
**સ્થળ : શ્રી મારૂતિ મંગલમ ભવન, રાયપુર (છત્તીસગઢ)**

**:: કાર્યસૂચી ::**

★ દીપ પ્રાગટ્ય ★ પ્રભુ પ્રાર્થના
★ સ્વાગત ★ શ્રદ્ધાંજલિ
★ ગત સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી
★ યુવા મહામંડળ પ્રમુખ શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણનું ઉદ્‌બોધન
★ યુવા મહામંડળના ઉપપ્રમુખશ્રીઓનું ઉદ્‌બોધન
★ યુવા મહામંડળના સલાહકાર પ્રમુખશ્રીનું ઉદ્‌બોધન
★ યુવા મહામંડળના મહામંત્રીશ્રીનું ઉદ્‌બોધન
★ યુવા મહામંડળના પ્રાદેશિક યુવા મંડળ પ્રમુખશ્રીઓના અહેવાલ
★ યુવા ઉત્કર્ષના કાર્યો માટે ચર્ચા-વિચારણા
★ આવેલ સુચન-સુઝાવો પર ચર્ચા, વિચારણા અને નિર્ણય
★ કાર્યવાહક સભાના નિર્ણય ઉપર બહાલી તથા નવા પ્રમુખશ્રીની વરણી
★ ઉપસંહાર

નોંધ : જે કોઇ યુવાન પોતાના સુઝાવ મોકલવા ઇચ્છતા હોય તેમને વિનંતી કે, તા. ૩૦-૧૧-૨૦૨૩ સુધી **મહામંત્રી શ્રી અનમોલ મહેન્દ્રભાઇ ટાંક**ને kgkyuvamahamandal@gmail.com પર ઇ-મેલ કરી આપે.

**વિનિત : અનમોલભાઇ એમ. ટાંક**
**મહામંત્રીશ્રી – મો. ૯૬૮૫૪૬૯૮૮૮**

શુભ

**અખિલ ભારતીય યુવા મહામંડળ તરફથી સર્વે સમાજબાંધવોને**
**દિવાળીને હાર્દિક શુભકામનાઓ એવં નૂતન વર્ષાભિનંદન**

લાભ

નૂતન વર્ષના નવલાં પ્રભાતે આપણો સમસ્ત સમાજ અંધશ્રદ્ધા, વહેમ, કપોળ કલ્પીત માન્યતાઓ રૂપી અંધકારને દૂર કરી વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમ, માનવતાવાદી એવં પ્રકૃતિપ્રેમના સથવારે સુખ, સમૃદ્ધીનાં અવનવા શિખરો સર કરે એવી હાર્દિક શુભકામનાઓ સહ રામ રામ...

**શ્રી તૃષાર મોહનભાઈ ચૌહાણ (પ્રમુખશ્રી)** **શ્રી અનમોલ મહેન્દ્રભાઈ ટાંક (મહામંત્રીશ્રી)**

**તથા ટીમ અખિલ ભારતીય યુવા મહામંડળ તરફથી હાર્દિક શુભેચ્છાઓ...**

## શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ

# વાર્ષિક અધિવેશન - રાયપુર (છ.ગ.)

### સત્ર ૨૦૨૪-૨૦૨૬ પ્રમુખ પદ પ્રસ્તાવ માટે સૂચન

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળની આ ૨૦૨૧-૨૦૨૩ સત્ર હવે પુરૂં થવા જઇ રહ્યું છે. આગામી ૨૦૨૪-૨૦૨૬ સત્ર માટે પ્રમુખની પસંદગી કરવાની થાય છે. જે યુવા ભાઇ-બહેનને પ્રમુખ બનવાની ઇચ્છા હોય તે યુવાએ તેમનું નામ પ્રમુખશ્રી/મહામંત્રીશ્રીને ફોન કરી નીચે જણાવેલ ઇ-મેલ આઇડી પર મોકલવાનું રહેશે.

**ખાસ નોંધ :** જે યુવા ભાઇ-બહેનને પ્રમુખ બનવાની ઇચ્છા હોય તે યુવા ભાઇ-બહેન પહેલા પોતાના ઘટકના યુવા પ્રમુખને વિશ્વાસમાં લઇને નામ નોંધાવે એ ઇચ્છનીય છે. જે તે ઘટકના યુવા મંડળના લેટરહેડથી જે તે યુવા ભાઇના નામનો પ્રસ્તાવ મુકાય તે ઇચ્છનીય છે.

પ્રસ્તાવ kgkyuvamahamandal@gmail.com મેલ આઇડી ઉપર મેલ કરવાનું રહેશે, અન્ય કોઇપણ માધ્યમથી પ્રસ્તાવ સ્વીકાર કરવામાં નહીં આવે. **પ્રસ્તાવ મોકલવાની છેલ્લી તારીખ 30 ઓક્ટોબર રહેશે.**

### વિશેષ સન્માન માહિતી

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા વિશેષ સન્માન સમિતિ દ્વારા સત્રના અંતિમ અધિવેશન દરમ્યાન પ્રોત્સાહન રૂપે અખિલ ભારતીય યુવા મહામંડળ અંતર્ગત આવતા યુવા પ્રાદેશિક સમિતિ તેમજ યુવા મંડળ જેઓ તેમના કાર્યકાળ દરમ્યાન વિશેષ સામાજિક કાર્ય સંપન્ન કરી યુવા ઉત્કર્ષનાં કાર્યો કર્યા છે તેમને વિશેષ સન્માન કરવામાં આવશે.

યુવા પ્રાદેશિક સમિતિ તેમજ યુવા મંડળથી વિનંતી કે સત્ર ૨૦૨૧-૨૦૨૩ દરમ્યાન આયોજીત કાર્યક્રમોની જાણકારી વિગતવાર આપશે સાથે ફોટો સંલગ્ન કરવાનું રહેશે. સમગ્ર જાણકારી ફોટોની પીડીએફ ફાઇલ બનાવીને નીચે આપેઇ ઇ-મેલ આઇડીમાં મોકલવાનું રહેશે.

**નોંધ :** (૧) વિગતવાર જાણકારી ફોટો સાથે તા. ૩૦-૧૦-૨૦૨૩ સુધી મેલ કરવાનું રહેશે. તા. ૩૦-૧૦-૨૦૨૩ બાદ આવેલ પ્રારૂપ ઉપર ચર્ચા કરવામાં નહીં આવે.

(૨) સમગ્ર જાણકારી ફોટો સમેટ વ્યવસ્થિત રૂપે પીડીએફ ફાઇલ બનાવી યુવા મંડળ/ પ્રાદેશિક યુવા સમિતિના લેટરહેડમાં મોકલવા જરૂરી છે.

(૩) સન્માન માટે સમિતિનો નિર્ણય અંતિમ રહેશે.

**પ્રમુખશ્રી – તૃષારભાઇ એમ. ચૌહાણ – મો. ૯૪૨૬૫૯૧૨૩૯**
**મહામંત્રીશ્રી – અનમોલભાઇ એમ. ટાંક – મો. ૯૬૮૫૪૬૯૮૮૮**
**ટીમ અખિલ ભારતીય યુવા મહામંડળ**

## કેંજોગગઢ યુવા મંડળ



કેંજોરગઢ યુવા મંડળ દ્વારા તા. ૧૯-૦૯-૨૦૨૩ના ગણેશ ચોથના દિવસે સમાજવાડીમાં ગણેશ પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. સુંદર સજાવેલ મંડપમાં ગણેશજીની મૂર્તિની સ્થાપના કરી પૂજા કરવામાં આવી હતી. સવારે ૧૧.૦૦ વાગ્યાથી પૂજા શરૂ થઇ હતી. પૂજા બાદ આરતી કરવામાં આવી હતી. સાંજે રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાસગરબા બાદ ઉપસ્થિત સૌ ભાઇ-બહેનોએ સ્વાદિષ્ઠ ભોજનનો આનંદ લીધો હતો. તા. ૧૦-૦૯-૨૦૨૩ના ગણેશજીનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં ઘટકના સર્વે ભાઇઓ તથા બહેનો ઉપસ્થિત રહી તેનો લાભ લીધો હતો. ઘટક તથા મહિલા મંડળના સદસ્યોએ પણ આ આયોજનને સફળ કરવા યુવા મંડળને તેમનો પૂરો સહયોગ આપ્યો હતો.

# મા જગદંબા ટ્રસ્ટ - કેંજોરગઢ

કેંજોરગઢ મા જગદંબા ટ્રસ્ટ દ્વારા તા. ૨૯-૭-૨૩, શનિવારના કમલા એકાદશીના રોજ પુરૂષોત્તમ માસ નિમિત્તે તિર્થ સ્થળ પ્રવાસનો કાર્યક્રમ યોજાયો હતો. સમસ્ત સમાજબંધુઓ સહપરિવાર આશરે ૪૫ કી.મી. દુર (સ્વમ પટના) પ્રસિદ્ધ શિવજીના મંદિરમાં બસ તથા કારની સગવડતા મુજબ સવારે ૧૧ વાગ્યે પહોંચ્યા.

સ્નાન, પૂજન, ફરાળી ભોજન અને આવવા-જવાની સંપૂર્ણ વ્યવસ્થા ટ્રસ્ટ દ્વારા ગોઠવવામાં આવી હતી. જે સંપૂર્ણપણે નિઃશુલ્ક હતી.

આ તિર્થ પ્રવાસે આપણા સમાજના ૮૫ની સંખ્યામાં ભાઇ-બહેનો અને બાળકોનો સમાવેશ થયો હતો. પ્રસિદ્ધ વૈતરણી નદીમાં સ્નાન ઉપરાંત ગોરમાની પૂજા-અર્ચના કરેલ. ત્યાર બાદ સૌએ શિવજી તથા બાર જ્યોતિર્લિંગના દર્શન તથા પૂજા ઉપરાંત ફરાળી ભોજનનો આનંદ માણ્યો હતો.

આ કાર્યમાં ટ્રસ્ટના ચેરમેન ડૉ. નરેન્દ્રભાઇ રાઠોડ, ટ્રસ્ટી સોમનાથ ચાવડા, પરેશ ટાંક, હરીશ યાદવ, જગદીશ રાઠોડ, હિતેશ રાઠોડ તથા સભ્યો દેવેશ રાઠોડ, હેમંત રાઠોડ, રાજકુમાર રાઠોડ, રાજેશ રાઠોડએ પૂરતો સહયોગ આપેલ હતો. આ કાર્યની



સમાજબંધુઓએ સારી પ્રશંસા કરેલ હતી તથા આવનારા દિવસોમાં પણ આવા જ પ્રવાસો માટે પ્રોત્સાહન આપેલ.

# તરાના કેજીકે મ્યૂઝિક ગ્રુપ મિલન સમારોહ - ૪ (ભુવનેશ્વર) ૧૫-૧૯ સપ્ટેમ્બર ૨૦૨૩

તરાના કેજીકે મ્યૂઝિક ગ્રુપ (વ્હાટ્સએપ ગ્રુપ) આપણા સમાજનું સર્વ પ્રથમ મ્યુઝિક ગ્રુપ છે જેની સ્થાપના ૨૬ ફરવરી ૨૦૧૮માં થઈ હતી. પૂરા ભારતમાંથી અત્યારે લગભગ ૧૯૦ થી વધુ સદસ્ય આ ગ્રુપ થી જોડાયેલ છે અને દરરોજ પોતાના સુમધુર ભજનો અને સરસ સરસ ફિલ્મી ગીતોથી પોતાની પ્રતિભા રજુ કરે છે.

આ મ્યુઝિક ગ્રુપના સંસ્થાપક મોહનભાઈ રતિલાલભાઇ ચૌહાણ અને કોમલબેન મોહનભાઈ ચૌહાણ (લખનઉ) છે. આ સાથે, આ ગ્રુપને સક્રીય બનાવી રાખવા, આ ગ્રુપના સંરક્ષક શ્રી ધીરુભાઈ શ્યામજીભાઈ પરમાર (રાયપુર), સહ-સંસ્થાપક શ્રીમતી શર્મિલાબેન ભુપેશભાઈ ચાવડા (બિલાસપુર), એડમિન શ્રીમતી લીલાબેન તરુણભાઈ જેઠવા (ભુવનેશ્વર), એડમીન શ્રી દિનેશભાઈ ખીમજીભાઈ પરમાર (રાઉરકેલા), એડમીન શ્રી ખુશાલભાઈ કેશવજીભાઈ રાઠોડ (રાયપુર), એડમિન શ્રી દિલિપકુમાર ભાઈ પ્રાગજીભાઈ પઢીયાર (દુર્ગ), એડમિન શ્રીમતી અનિતાબેન લલિતભાઈ વાઢેર (રાયપુર) અને એડમિન શ્રીમતી રમિતાબેન રાજેશભાઈ ચૌહાન (કોટા) પોતાનો અમૂલ્ય સમય આપી આ ગ્રુપ ને સક્રીય બનાવી રાખવા હમેશા પ્રયત્નશીલ છે.

આ ઉપરાંત તરાના ગ્રુપના સલાહકાર શ્રી ગિરધરભાઈ દેવરામભાઈ રાઠોડ (જયપુર), દિનેશભાઈ હરીલાલભાઈ ચૌહાન (નાગપુર), મિતેશભાઇ કરશનભાઈ પરમાર (ગોંદિયા), તરુણભાઈ મોરારજી ભાઈ રાઠોડ (રાયપુર) અને દિપિકાબેન કમલેશભાઈ ટાંક (બાલાધાટ) હમેશા પોતાના અમૂલ્ય સલાહ સૂચન આપી તરાના ગ્રુપને સમાજનું સર્વશ્રેષ્ઠ સંગીત ગ્રુપ બનાવવામાં પોતાનો સહયોગ આપી રહ્યા છે. અત્યાર સુધી તરાના કેજીકે મ્યુઝિક ગ્રુપ દ્વારા ચાર મિલન સમારોહનું આયોજન સફળતાપૂર્વક થયું છે.

આ સપ્ટેમ્બર માસના ૧૫ તારીખ થી ૧૯ તારીખ સુધી તરાના મિલન સામારોહ ભુવનેશ્વર(ઉડિસા)માં રાખવામાં આવેલ. જેના મુખ્ય પ્રાયોજક તરાના ગ્રુપના એડમીન શ્રીમતી લીલાબેન તરુણભાઈ જેઠવા તથા તેમનો પૂરો પરિવાર ( તરુણભાઈ મોહનલાલભાઈ જેઠવા, કુમારભાઈ જેઠવા, કવિતાબેન જેઠવા, પવનભાઈ, એકતાબેન, રોમા જેઠવા, ઈશાન જેઠવા, રિહાન જેઠવા, ત્રિશના પરમાર અને હર્ષ પરમાર) હતા.


તા. ૧૫ સપ્ટેમ્બરના સૌને ભુવનેશ્વરના ગુજરાતી સમાજમાં ઉતારો આપવામાં આવ્યો,તરાનાના આ ભવ્ય સમારોહ મા ૯૦ જેટલા સભ્યો એ હાજરી આપી હતી. તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ ભગવાન શ્રી જગન્નાથજીના આશિર્વાદ સાથે કાર્યક્રમનો શુભારંભ, દીપ પ્રજવ્લન અને ગણેશ વંદના સાથે કરવામાં આવેલ. તરાનાના ૫ વર્ષ સફળતા પૂર્વક પૂર્ણ થયાની ખુશીમાં કેક પણ કાપવામાં આવી હતી.

શ્રી મિતેશભાઇ કરશનભાઈ પરમારના મધુર સ્વરમાં સ્વર


Hemraj Damji Solanki
Ketan H. Solanki (B.Arch.)
Samir H. Solanki (B.E.)

098221 17126
098226 67940
097654 82266

M/s. DAMJI GANGJI & Co. (Forest Contractor)



M/s. SAMEER TRADERS (Agencies House)

3rd DIMENSION (Architect & Engineers)

D.G. Market, 1st Floor, Opp. Bus Station, Post Box No. 32, Po & Dist. NANDURBAR (M.S.) Ph. 02564 - 222365



મિલાવી સૌએ શ્રી હનુમાન ચાલીસાનો પાઠ કર્યો. તરાના ગ્રુપના સંસ્થાપક મોહનભાઈ રતિલાલભાઇ ચૌહાન, કોમલબેન મોહનભાઈ ચૌહાન, ધીરુભાઈ શ્યામજીભાઈ પરમાર તથા તરુણભાઈ મોહનલાલ ભાઈ જૈઠવા એ સ્વાગત-સંદેશો આપ્યા. ત્યારબાદ પમેહફિલ-એ-તરાનાથ મા સૌ કલાકારો એ પોતાના સુમધુર ગીતો થી બધા ને મંત્રમુગ્ધ કરી દિધા. આ કાર્યક્રમનું મંચ સંચાલન લીલાબેન તરુણભાઈ જૈઠવા અને દિનેશભાઈ હરીલાલભાઈ ચૌહાન દ્વારા કરવામાં આવ્યું. તેમજ બકુલભાઈ ધીરજલાલભાઈ મકવાણા (પૂના) એ પોતાનો અમૂલ્ય સમય આપી બધા કલાકારોના ગીતોનું કરાઓકે સંકલન કરી મોટા સ્ક્રીન પર ચલાવી સૌને ગાવામાં સગવડ કરી આપી. આ કાર્યક્રમમાં ૫૦ એકલ ગીત અને ૨૫ યુગલ ગીત ગાવામાં આવ્યા જેમને તરાનાના બધા એડમીન અને સલાહકાર ભાઈ બહેનો એ ક્રમ થી મંચ પર આમંત્રિત કર્યા.

બપોરના સ્વાદિષ્ટ ભોજન પછી ફરી ગીત-સંગીતનો કાર્યક્રમ ઉત્સાહ પૂર્વક રજુ કરવા મા આવ્યો. આ અવસર પર કટક ઘટક ના પ્રમુખ શ્રી પ્રકાશભાઈ દેવરામભાઈ ટાંક, કટક મહિલા મંડળ પ્રમુખ ઈલાબેન કેશુભાઈ ટાંક, ભુવનેશ્વર ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઈ પ્રશાંત ભાઈ રાઠોડ તેમજ કટકના ભૂતપૂર્વ પ્રાદેશિક પ્રમુખ રાજનભાઈ મોતીલાલભાઈ રાઠોડ એ પણ પોતાનો અમૂલ્ય સમય આપી તરાના ના કાર્યક્રમ ની શોભા વધારી. રાત્રે ૮ વાગ્યા થી ગરબાની રમઝટમાં સૌએ ખૂબજ તલ્લીન થઈ રાસ-ગરબા નો આનંદ લીધો. તા. ૧૭ સપ્ટેમ્બરના દિવસે બે એ.સી. વોલ્વો બસમાં સૌ કલાકાર ભુવનેશ્વર દર્શન માટે રવાના થયા. સૌએ પ્રભુ લીંગરાજ મંદિરના દર્શન કીધા તરાના પરિવાર તરફ થી મોહનભાઈ, કોમલબેન અને લીલાબેન એ અભિષેક કર્યો અને નંદનકાનંદ ઝૂ જોઈને સૌએ ખૂબજ આનંદ લીધો. સાંજના રમત-ગમત નો સૌએ ઉત્સાહથી ભાગ લીધો અને તરાનાના સૌ કલાકારો ને સ્મૃતિ ચિન્હ આપવા મા આવ્યા. તરાના પરિવાર અને શ્રીમતી લીલાબેન તરુણભાઈ જેઠવા ના પરિવાર તરફ થી તરાનાના સંસ્થાપક મોહનભાઈ રતિલાલભાઇ ચૌહાણ અને કોમલબેન મોહનભાઈ ચૌહાનને સ્મૃતિ ચિન્હ આપવામાં આવ્યો. તા. ૧૮ના સવારે વહેલા તરાના ના સૌ કલાકારે બસ દ્વારા કોણાર્ક મંદિર અને ચંદ્રભાગા સમુદ્ર જોવા નો લાભ લીધો. ત્યાર બાદ સમુદ્ર તટ પર સ્થિત ગોલ્ડન પેલેસ હોટલમાં સ્વાદિષ્ટ ભોજનનો અને દરિયામાં નાહ્વાનો આનંદ લિધો. બપોરના ચાર વાગે સૌ, શ્રી જગન્નાથ ભગવાનના દર્શન માટે ગયા ત્યાં તરાના પરિવાર તરફથી ધ્વજા ચડાવામાં આવી અને ખૂબજ શ્રદ્ધા પૂર્વક બધાયે દર્શન કીધા. તા. ૧૯ સપ્ટેમ્બર ના સૌએ પોતાની સગવડ અનુસાર, ખૂબજ આનંદના વાતાવરણમાં વિદાઈ લીધી. આ પાંચ દિવસના કાર્યક્રમમાં શ્રીમતી લીલાબેન તરુણભાઈ જેઠવા, તરુણભાઈ મોહનલાલભાઈ જૈઠવા અને તેમના પૂરા પરિવાર એ તરાના પરિવારનો જે સ્વાગત-સત્કાર કર્યો અને બધી સુખ-સુવિધાનું ધ્યાન રાખ્યું તે ક્યારેય ભુલી સકાય એવું નથી. તરાના પરિવાર હૃદય થી તેમનો આભાર વ્યક્ત કરે છે.


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**

**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી

**ચેકઇન ટાઇમ :** સવારે ૧૦.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૧૦.૦૦

સરનામું : કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫ મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬, પ્રમુખ : ૯૯૨૪૪૧૧૮૦૭

# સમાજ ગૌરવ



નાસીક નિવાસી શ્રીમતી નિકિતાબેન અને શ્રી પ્રકાશભાઇ જીવરામભાઇ ટાંકના સુપુત્ર જીગરએ ફિલીપીન્સથી એમ.બી.બી.એસ.નો અભ્યાસ પૂર્ણ કરી ડૉક્ટરની ડીગ્રી મેળવેલ છે તેમજ ભારત સરકારની તબીબી પરીક્ષા પ્રથમ પ્રયાસે પાસ કરી કુટુંબ, ઘટક અને સમાજનું નામ રોશન કરેલ છે. તેમને ખૂબ ખૂબ અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિની શુભકામના....



ધારા દિનેશ ભાઈ પરમાર, રાઉલ કેલાને ઓડિસ્સા સરકારમાં ચાઇલ્ડ એન્ડ વુમન વેલફેર ડીપાર્ટમેન્ટ ઓફ ઓડિસ્સા ચીફ મિનિસ્ટર શ્રી નવીન પટનાયકના ચીફ સેક્રેટરી આઇ.એ.એસ. સુજાતા કાર્તિકેયન પાંડીયનના ઓફિસે જોબ મળી છે. તા:૧૩.૧૦.૨૦૨૩ ના રોજે લોકસેવા ભવનમાં એક સરકારી યોજના અંતર્ગત ધારાને નવીન પટનાયક સાથે ઓડિશા સરકાર આઇ.એ.એસ. ઓફિસર મીટીંગમાં ઉપસ્થિત રહેવા તથા સ્પીચ આપવાનું ગૌરવ પ્રાપ્ત થયું. માત્ર ૨૩ વર્ષ ની ધારા પરમારની આ વિશેષ ઉપલબ્ધી બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિની શુભકામના...



મૂળ ગામ અંજાર હાલે રાયપુર નિવાસી મહાસભાના કોષાધ્યક્ષ શ્રી હિતેશભાઇ મગનભાઇ વરૂ તથા શ્રીમતી ભાવનાબેનની સુપુત્રી માહી વરૂએ બી.એસ.સી. (ઓનર્સ) એગ્રીકલ્ચર)ની ડીગ્રી પ્રથમ શ્રેણીમાં પ્રાપ્ત કરી સમાજ તથા પરિવારનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી હાર્દિક શુભકામના....



ગાંધીધામ (દેવળીયા) નિવાસી શ્રીમતી મોનાબેન તથા શ્રી તૃષારભાઇ દયારામભાઇ ટાંકની સુપુત્રી ચિ. સાન્વી ટાંકે ઇન્ટર સ્કુલ કમ્પીટીશન દિલ્હીમાં CASIO માં ગોલ્ડ મેડલ મેળવી સમાજ તથા પરિવારનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિની કરે તેવી હાર્દિક શુભકામના...



જયપુર ઘટક નિવાસી શ્રીમતી નિર્મલાબેન અને શ્રી ઇશ્વરલાલભાઇના સુપુત્ર શ્રી તરૂણ ઇશ્વરલાલભાઇ ટાંકએ સુચના પ્રૌદ્યોગીકના ક્ષેત્રમાં દેશ અને વિશ્વમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ વેબિક યુનિવર્સિટી, ઘાના દ્વારા માનદ્ ડૉક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી છે. વેબિક યુનિવર્સિટીના ચાન્સેલર ડૉ. ફેલિક્સ ઓફોસુ દેજાનએ અહીં યોજાયેલા દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહી આ પદવી એનાયત કરી હતી. આ સિદ્ધી બદલ તેમને જયપુર ઘટક તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્યની હાર્દિક શુભકામનાઓ...


**મેરેજને લગતી તમામ આઇટમ મેળવવા માટેનું એકમાત્ર સ્થળ એટલે જ**

**લગ્નસરા**



- લગ્નવિધિ આઇટમ
- ડેકોરેશન
- ગીફ્ટ આઇટમ
- કરિયાવર
- આણાની આઇટમ
- લગ્ન પ્રસંગની આઇટમ વગેરે

*બહાર ગામ વસતા સમાજબંધુઓને કૂરીયરથી મોકલવાની વ્યવસ્થા છે*


પ્રો : રોહનભાઈ ટાંક

ટીપી-૩, ખીજડા મામા મંદિર રોડ, ખત્રી ચોક, ૧૨મી. રોડ, અંજાર (કચ્છ) મો.નં. : 8141968106

@lagansara the weddings studio

# માં એટલે શું ?

માં એટલે મમતાનો સાગર,
સુરજ જેવા કર્મઠ,
પવન જેવા શીતલ,
અને ચાંદ જેવો એનો પ્રકાશ,
માં બનીને જાણ્યું મેં માંનું મુલ્ય.
માં એક શબ્દ નથી,
વ્હાલનો દરીયો છે,
તારા ખોરામાં માથું રાખી ગળે લગાવી,
મને બહુ આનંદ આવ્યો છે.
માં બનીને જાણ્યું મેં માંનું મુલ્ય.
તારો હાથ પકડી ભુલી જાવું હું પણ ચાલી શકું છું,
તારી નાની મોટી વારતામાં ખોવાઇ જાવું,
તારા હસતા ચહેરાને જોઇ હું વિચારું,
માં તું કોન છો ?
માં બનીને જાણ્યું મેં માંનું મુલ્ય.
તારા ગાયેલા હાલરણા હું આજે ગાવું છું,
પ્યારથી થપકી દઇ હિંચકે સુવરાવું છું,
દિવસના શોરમાં હું તને ગોતી રહી,
તારી ઝલક જોઇ, હૈયે હરખાવું છું,
માં બનીને જાણ્યું મેં માંનું મુલ્ય.
ડગલેને પગલે તું મને સાંચવતી,
હર ખુશી અને ગમ તું મારા બાંટતી,
માં તું અને તારી શિખામણ બહુ યાદ આવે,
મારી બનાવેલી વાનગીમાં, તારા હાથનો સ્વાદ આવે,
માં બનીને જાણ્યું મેં માંનું મુલ્ય.
બાળપણના ખેલ રમતા રમતા જવાનીનો ડુંગર ચડી ગઇ,
આંખોમાં પટ્ટી બાંધી, હું તને શોધી રહી,
નાના હાથોના સ્પર્શ અને તોતલી વાતોના નિનાદથી,
એક ખ્યાલ આવ્યો....
માં બનીને જાણ્યું મેં માંનું મુલ્ય.
તું મારી પ્રેરણા, તું મારું અભિમાન,
ઢાલ બનીને ઉભી તું, જ્યારે આવે ભુચાલ,
અનેક તારા રગે એક તારો સાદ,
હર મૌસમમાં તું વસંતનો સ્વાદ,
માં બનીને જાણ્યું મેં માંનું મુલ્ય.



**દિપા હિમાંશુ રાઠોડ**
**રાજનાંદગાંવ**
**હાલ મુકામ – સિડની, ઓસ્ટ્રેલીયા**

# મૈં એક ઈન્દ્રધનુષ હું

કિતને રંગ... ચમકીલે ઔર નીરસ ! અપને
ભીતર મેં હર નઈ ભાવના કે લિએ એક નયા રંગ મહસૂસ
કરતા હું. મેરા હર રંગ કિતના નિરાલા હૈ...
તો ચલિએ હમ આપકો સમઝાતે હૈ.
જબ મૈં ગુસ્સા, પાગલ ઔશ્ર પરેશાન મહસૂસ કરતા હું
તો મુઝે લાલ મહસૂસ હોયતા હૈ.
મુઝે શાંત કરને મેં મદદ કરને કે લિએ
મૈં અપની કિતાબોં પર એક નજર ડાલતા હું !
જબ મૈં ખુશ ઔર ચંચલ હોતી હું
તો મુઝે ગુલાબી રંગ કા અહેસાસ હોતા હૈ.
મુઝ ઐસા લગ રહા હૈ કી મેરે અંદર ઊર્જા કા વિસ્ફોટ હો રહા હૈ.
જબ મૈં મૂર્ખતાપૂર્ણ વિલી મહસૂસ કરતા હું તો મુઝે પીલા
મહસૂસ હોયતા હે. મુઝે ઝુમને ઔર પાગલપન સે
ભરા ડાન્સ કરને કા મન કર રહા હૈ !
જબ મૈં ઉત્સાહિત ઔર ઉછલ-કૂદ કરતા હું
તો મુઝે નારંગી રંગ કા અહેસાસ હોતા હૈ.
મુઝે ઐસા લગ રહા હૈ કી મેરા દિલ દૌડ રહા હૈ
ઔર મૈં અપને પલ કા ઈન્તઝાર કર રહા હું.
જબ મૈં ઉદાસ ઔર ઉદાસ હોતા હું
તો મુઝે નીલાપન મહસૂસ હોતા હૈ.
મુઝે ખુશ કરને કે લીએ મુઝ અપની
છોટી બહન કે સાથ ખેલના અચ્છા લગતા હૈ.
જબ મૈં આત્મવિશ્વાસી ઔર શાંત હોતા હું
તો મુઝે મેજેંટા કા આભાસ હોતા હૈ.
તબ, મુઝે ઐસા લગતા હૈ કી મૈં દુનિયા કે શીર્ષ પર હું.
જબ મૈં સંતુષ્ટ હોતા હું
તો મુઝે બેંગની રંગ કા અહેસાસ હોતા હૈ.
મુઝે ઐસા લગતા હૈ કી મૈંને અપને
હર કામ મેં અપના સર્વશ્રેષ્ઠ દિયા !
જબ મુઝે ખેદ હોતા હૈ તો મુઝે હરે રંગ કા અહેસાસ હોતા હૈ.
મુઝે અપની ગલતિયોં કો સુધારને
ઔર ઈસે સહી કરને કા મન કરતા હૈ.
જબ મૈં ભ્રમિત મહસૂસ કરતા હું તો મુઝે ભૂરે રંગ કા અહેસાસ હોતા હૈ.
ભ્રમ સે બાહર આને કે લિએ મૈં શાંત હોકર બૈઠતા હું ઔર સમઝને
ઔર ધ્યાન કેન્દ્રીત કરને કી કોશીશ કરતા હું.
જબ મૈં ઉબ જાતા હું તો મુઝ ભૂરાપન મહસૂસ હોતા હૈ.
મુઝે ઐસા લગતા હૈ કી મૈં એક સફેદ દુનિયા મેં હું,
જહાં કરને યા ખેલને કે લીએ કુછ નહીં હૈ.
જબ મુઝે ડર લગતા હૈ તો મુઝે કાલાપન મહસુસ હોતા હૈ.
મુઝે ઐસા લગતા હૈ કી મૈં ઐસી દુનિયા
મેં હું જહાં મેરે સારે ડર જિન્દા હો ગયે હૈ.

જરા સોચિએ, આજ આપકો કૌન સે રંગ
મહસૂસ હુએ ?
સ્વયં બનેં ઔર અપની ભાવનાઓં કો બાહર
લાને દે. હર કોઈ રંગોં કા એક ખાસ
ઈન્દ્રધનુષ હૈ. બસ આજ ઔર હંમેશા અપના
અસલી રંગ દિખાઓ...
અપની ઔર અપને આસ-પાસ કે
સભી લોગોં કી મદદ કરને કે લીએ !



**– સાન્વી વરૂ**

પતિ-પત્ની દોનો મિલ ખૂબ કમાતે હૈ,
તીસ લાખ કા પેકેજ દોનો હી પાતે હૈ.

સુબહ આઠ બજે નોકરિયોં પર જાતે હૈ,
રાત ગ્યારહ તક હી વાપિસ આતે હૈ.

અપને પારિવારિક રિશ્તોં સે કતરાતે હૈ,
અકેલે રહ કર વહ કૈરિયર બનાતે હૈ.

કોઈ કુછ માંગ ન લે વો મુહ છુપાતે હૈ,
ભીડ મેં રહકર ભી અકેલે રહ જાતે હૈ.

મોંટે વેતન કી નૌકરી છોડ નહીં પાતે હૈ,
અપને નન્હે મુન્ને કો પાલ નહીં પાતે હૈ.

ફુલ ટાઈમ કી મેડ એજેન્સી સે લાતે હૈ,
ઉસી કે જિમ્મે વો બચ્ચા છોડ જાતે હૈ.

પરિવાર કો ઉનકા બચ્ચા નહીં જાનતા હૈ,
કૈવલ આયા 'આંટી' કો હી પહચાનતા હૈ.

દાદા-દાદી, નાના-નાની કૌન હોતે હૈ ?
અનજાન હૈ સબસે કિસી કો ન માનતા હૈ.

આયા હી નહલાતી હૈ આયા હી ખિલાતી હૈ,
ટિફીન ભી રોજ રોજ આયા હી બનાતી હૈ.

યુનિફોર્મ પહના કે સ્કુલ કૈબ મેં બિઠાતી હૈ,
છુટ્ટી કે બાદ કૈબ સે આયા હી ઘર લાતી હૈ.

નીંદ જબ આતી હૈ તો આયા હી સુલાતી હૈ,
જૈસી ભી ઉસકો આતી હૈ લોરી સુનાતી હૈ.

ઉસે સુલાને મેં અકસર વો ભી સો જાતી હૈ,
કભી જબ મચલતા હૈ તો ટીવી દિખાતી હૈ.

જો ટીચર મૈમ બતાતી હૈ વહી વો માનતા હૈ,
દેસી ખાના છોડ કર પીઝા બર્ગર ખાતા હૈ.

વીક એન્ડ પર મોલ મેં પિકનીક મનાતા હૈ,
સન્ડે કી છુટ્ટી મૉમ-ડૅડ કે સંગ બિતાતા હૈ.

વક્ત નહીં રૂકતા હૈ તેજી સે ગુજર જાતા હૈ,
વહ સ્કુલ સે નિકલ કે કૉલેજ મેં આતા હૈ.

કાન્વૅન્ટ મેં પઢને પર ઈંડિયા કહાં ભાતા હૈ,
આગે પઢાઈ કરને વહ વિદેશ ચલા જાતા હૈ.

વહાં નયે દોસ્ત બનતે હૈ ઉનમેં ખો જાતા હૈ
માં-બાપ કે પૈસોં સે હી ખર્ચા ચલાતા હૈ.

ધીરે-ધીરે વહી કી સંસ્કૃતિ મેં રંગ જાતા હૈ,
મૉમ-ડૅડ સે રિશ્તા પૈસોં કા રહ જાતા હૈ.

કુછ દિન મેં ઉસે કામ વહી મિલ જાતા હૈ,
જીવન સાથી શીઘ્ર ઢુંઢ વહી બસ જાતા હૈ.

માં-બાપ ને જો દેખા ખ્વાબ વો ટૂટ જાતા હૈ,
બેંટે કે દિમાગ મેં ભી કૈરિયર રહ જાતા હૈ.

બુઢાપે મેં માં-બાપ અબ અકેલે રહ જાતે હૈ,
જીનકી અનદેખી કી ઉનસે આંખે ચુરાતે હૈ.

ક્યોં ઈતના કમાયા યે સોચ કે પછતાતે હૈ,
ઘુટ ઘુટ કર જીતે હૈ ખુદ સે ભી શરમાતે હૈ.

હાથ પૈર ઢીલે હો જાતે, ચલને મેં દુખ પાતે હૈ,
દાઢ-દાંત ગિર જાતે, મોંટે ચશ્મે લગ જાતે હૈ.

કમર ભી ઝુક જાતી, કાન નહીં સુન પાને હૈ,
વૃદ્ધાશ્રમ મેં દાખિલ હો, જિંદા હી મર જાતે હૈ.

સોચના કી બચ્ચે અપને લિએ પૈદા કર રહે
હો યા વિદેશ કી સેવા કે લીએ.

બેટા ઍડિલેડ મેં, બેટી હૈ ન્યુયાર્ક.
બ્રાઇટ બચ્ચોં કે લીએ, હુઆ બુઢા ડાર્ક.

બેટા ડાલર મેં બંધા, સાત સમન્દર પાર.
ચિતા જલાને બાપ કી, ગએ પડોસી ચાર.

ઓનલાઇન પર હો ગએ, સારે લાડ દુલાર.
દુનિયા છોટી હો ગઇ, રિશ્તે હૈ બીમાર.

બૂઢા-બૂઢી આંખ મેં, ભરતે ખારા નીર.
હરિદ્વાર કે ઘાટ કી, સિડની મેં તકદીર.

તેરે ડૉલર સે ભલા, મેરા એક કલદાર.
રુખી-સુખી મેં સુખી, અપના ઘર સંસાર.



દિલીપભાઈ ચૌહાણ
રાયપુર–છ.ગ.

# સમાજ એટલે શું ?

સમાજ એટલે એક પરિવાર, જ્યાં સંબંધોના મુલ્ય જળવાય છે અને સંબંધોની માવજત થાય છે. સમાજની સુવ્યવસ્થા થકી સમાજના બધા નાગરીકોની ખુશાલીનું નિર્માણ થાય છે.

**સમાજના પાયા :** કોઇપણ સમાજ તેના ચાર પાયા ઉપર ટકેલો છે. આ ચાર પાયાની જાળવણી અને વિકાસની જવાબદારી સમાજના દરેક વ્યક્તિની હોય છે.

(૧) **સંસ્કાર :** સમાજનો પ્રથમ પાયો છે સંસ્કાર, પરિવાર થકી મળેલ સંસ્કારથી એ વ્યક્તિ સમાજમાં ઘડતરનો ભાગ ભજવે છે.

(૨) **સંસ્કૃતિ :** સમાજનો બીજો પાયો છે સંસ્કૃતિ, સમાજના સિદ્ધાંતો, રિવાજો અને પરંપરાઓને સાચવવા આપણને યોગદાન આપવું મહત્વનું છે.

(૩) **એક્તા :** એક્તા એ સમાજનો સૌથી અગત્યનો પાયો છે. સમાજમાં અંગત મતભેદો, સમાજ જોડે પોતાની વિચારધારાઓ ન મળવી અને આંતરીક દ્વેષમાં સમાજની એક્તા ક્યારેય તૂટવી ન જોઇએ.

(૪) **સત્કર્મ અને નીતિ પાલન :** સમાજનો અંતિમ પાયો છે તેના કર્મ અને નીતિ, સમાજનું એક પોતાનું બંધારણ પણ હોય છે, અને તેના નિયમો મુજબ બધાએ ચાલવું જરૂરી છે.

આ ચારેય પાયામાંથી એક પણ પાયામાં ઉધઇ ન લાગે તે જરૂરી છે.

**કિરીટભાઇ પુરૂષોત્તમભાઇ પરમાર**
**પ્રમુખ, આબુરોડ ઘટક**

# દિવાળી

આંખો મેં મુસ્કાન હો, ચેહરે પે ખુશી કી લાલી,
લાખોં ખુશિયાં લેકર આયે, અબ કી યે દિવાલી.
બાંટે મિઠાઇ સ્નેહ કી, સફલતા કી આતશબાજી,
દીપ જલે જ્ઞાન કે, તન-મન સે હો સબ રાજી.
ભરેં ઘડે શુભભાવના સે, હુઇ આજ જો ખાલી,
લાખોં ખુશિયાં લેકર આયે, અબ કી યે દિવાલી.
યહ દુનિયા અમન કે ફુલોં સે મહકતી રહે,
વિશ્વવૃક્ષ પર શાંતિ કી ચિડિયા ચહકતી રહે.
દેશ હો હમારા ઐસા, જૈસે ભરપૂર ફૂલોં કી ડાલી,
લાખોં ખુશિયાં લેકર આયે, અબ કી યે દિવાલી.
હમ યૂંહી સદા મિલતે રહે,
ઉમંગો કે ફુલ સદા ખિલતે રહેં.
ઇન ફુલોં કો લગાને મે બને હમ ખુદ હી માલી,
લાખોં ખુશિયાં લેકર આયે, અબ કી યે દિવાલી.
વિજય કી નિશાની દિવાલી, રાજતિલક કી યાદ,
ખુદ પર વિજય પાયેં હમ, માનવ હો ફિર આબાદ.
દીપરાજ શિવ સે જ્યોતિ જગે, જો સબકા હૈ માલી,
લાખોં ખુશિયાં લેકર આયે, અબ કી યે દિવાલી.

– માયાબેન ભરતભાઇ વાઢેર – અંજાર

# દિવાલી કે દિનભી ઉદાસી સા ક્યું હૈ ?

ત્યોહાર રોશની કા હૈ, ઉમંગો કા, હસી ખુશી કા હૈ,
ફિર ભી ઉસ ગરીબ કે ઘર મેં અંધેરા સા ક્યું હૈ ?
નયે કપડે કી ચાહત હસ સબકો હૈ,
ફિર ભી ઉસ ગરીબ કે કપડે પુરાને સે ક્યું હૈ ?
મીઠાઇઓ કી ફરમાઇશ કરતે ચૂકતે નહીં હમ,
ફિર ભી ઉસ ગરીબ કો દો વક્ત કી રોટી કી તંગી સી ક્યું હૈ ?
રોશની કે દીયે જલા જલાકર હમ પકવાન ખા રહે હૈ,
ફિર ભી વહ ગરીબ ત્યોહાર કે દિન ભી
ઇધર-ઉધર ભટકતા સા ક્યું હૈ ?
કુછ નહિ ઉસકે પાસ ત્યોહાર કે દિન ભી,
ફિર ભી ઇશ્વર સે ઉસે શિકાયત સી ક્યું નહિં હૈ ?
જાનતે હૈ હમ ખુશીયા રાહોં મેં
નહિ મહેનત સે મિલા કરતી હૈ,
ફિર ભી વહ ગરીબ મહેનત કરકે ભી
ખુશીયોં સે બેખબર સા ક્યું હૈ ?
ચંદ સિક્કે લેકર ભી ફટાકો કી દુકાન મેં ભાગકર જાકર ભી,
વહ ફટાકે ખરીદને મેં વંચિત સા કહ્યું હૈ ?
દિવાલી દિપો કા ત્યોહાર હૈ, હર્ષોલ્લાસ કા ત્યોહાર હૈ,
ફિર ભી વહ ઇસકે મતલબ સે અંજાન સા ક્યું હૈ ?
કહતે હૈ હમ જિંદગી મેં ત્યોહાર હોતે હૈ ખુશીયાં બટોરને લિયે,
ફિર ભી વહ ગરીબ દિવાલી કે દિન ભી ઉદાસ સા ક્યું હૈ ?

– મમતા રમેશભાઇ ચૌહાણ – ગાંધીધામ

# અનંતની યાત્રાએ...



રાયપુર (ખંભરા) નિવાસી શ્રી લીલાધરભાઇ અમરશીભાઇ રાઠોડ (ઉ.વ.૭૫)નું તા. ૨૩-૦૮-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



દુર્ગ (અંજાર) નિવાસી ગં.સ્વ. ઇંદિરાબેન રસીકભાઇ પઢિઆર (ઉ.વ.૭૭)નું તા. ૨૮-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



દુર્ગ (સિનુગ્રા) નિવાસી ગં.સ્વ. રમાબેન દેવરામભાઇ ચાવડા (ઉ.વ.૭૮)નું તા. ૧૨-૧૦-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર (હાજાપર) નિવાસી શ્રી શશીકાન્તભાઇ ભુવનભાઇ યાદવ (ઉ.વ.૬૦) નું તા. ૧૯-૧૦-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



નાગપુર (લોહારીયા) નિવાસી શ્રી દિપકભાઇ નાનજીભાઇ પરમાર (ઉ.વ.૫૯)નું તા. ૧૬-૧૦-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



ગાંધીનગર (હાજાપર) નિવાસી શ્રીમતી ઉષાબેન જેઠાલાલભાઇ વરૂ (ઉ.વ.૭૫)નું તા. ૧૨-૧૦-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



માધાપર (કુકમા) નિવાસી શ્રી હિતેનભાઇ દામજીભાઇ પરમાર (ઉ.વ.૩૦)નું તા. ૧૨-૧૦-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



જગદલપુર (સિનુગ્રા) નિવાસી શ્રી રતનસીભાઇ વસ્તાભાઇ ચાવડા (ઉ.વ.૧૦૧) નું તા. ૧૧-૧૦-૨૦૨૩ ના રોજે અવસાન થયેલ છે.



ગોંદિયા (કુકમા) નિવાસી શ્રીમતી ઇલાબેન ધનજીભાઇ પરમાર (ઉ.વ.૬૫)નું તા. ૨૬-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર (ખંભરા) નિવાસી શ્રી નિર્મલભાઇ મોરારજીભાઇ રાઠોડ (ઉ.વ.૭૯) નું તા. ૧૦-૧૦-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર નિવાસી શ્રી ગુણવંતભાઇ શિવલાલભાઇ જેઠવા (ઉ.વ.૬૮)નું તા. ૦૯-૧૦-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



માધાપર (દેવળીયા) નિવાસી શ્રી પ્રફુલભાઇ પ્રાગજીભાઇ ટાંક (ઉ.વ.૫૨)નું તા. ૦૧-૧૦-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



ભોપાલ (કુંભારીયા) નિવાસી શ્રી જયંતિલાલભાઇ ભાણજીભાઇ રાઠોડ (ઉ.વ.૯૦)નું તા. ૧૪-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



આદિપુર (હાજાપર) નિવાસી ગં.સ્વ. સાવિત્રીબેન મુનિન્દ્રભાઇ વરૂ (ઉ.વ.૭૮)નું તા. ૨૩-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.

# અનંતની યાત્રાએ...



નાગલપર નિવાસી ગં.સ્વ. કાન્તાબેન અમરસીભાઇ રાઠોડ (ઉ.વ.૯૫)નું તા. ૧૪-૧૦-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



આદિપુર (ખંભરા) નિવાસી શ્રીમતી મિનાક્ષીબેન મનોહરભાઇ ટાંક (ઉ.વ.૬૧)નું તા. ૦૩-૧૦-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



ગુલબર્ગા (ચંદિયા) નિવાસી શ્રી કિશોરભાઇ રામચંદ્રભાઇ ચાવડા (ઉ.વ.૭૦) નું તા. ૨૫-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



કુકમા નિવાસી શ્રી મનોહરભાઇ લાલજીભાઇ પરમાર (ઉ.વ.૭૫)નું તા. ૨૪-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



આદિપુર (રેહા) નિવાસી શ્રીમતી શારદાબેન ગોવિંદભાઇ ચૌહાણ (ઉ.વ.૮૨)નું તા. ૧૫-૧૦-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર (સિનુગ્રા) નિવાસી શ્રીમતી સવિતાબેન ઝવેરભાઇ વાઢેર (ઉ.વ.૬૫)નું તા. ૨૭-૦૯-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.

# અવિસ્મરણીય વસુ બારસ

મારા જીવનમાં ઘડી ગયેલો એક સાવ સાદો લાગે એવો પણ ખૂબ મોટો બોધ દેનારો પ્રસંગ બની ગયો. અંગ્રેજીમાં એક કહેવત છે ને, "The birds of the same feathers flock together" એક દિવસ સવારે વોકીંગ માટે નિકળી હતી. સવારે-સવારે એક નવયુવતી સાથે એક બાલિકા સારી રીતે તૈયાર થઇને હાથમાં પૂજાની થાળી લઇને કંઇક શોધી રહ્યા હતા એવું જોયું. એ બંને કાંઇક શોધી રહ્યા હતા પણ એમને જે જોઇતું હતું તે મળતું નથી એ મારા ધ્યામાં આવ્યું. મેં એમને સ્હેજ પૂછ્યું શું શોધી રહ્યા છો? બંને મા-દિકરી બોલ્યા ''ગાય અને વાછરૂ''. આ સાંભળીને મને ધ્યાનમાં આવ્યું કે, અરે હા આજે વસુ-બારમ છે. આજે ગાયની વાછરા સાથે સૌભાગ્યવતી સ્ત્રીઓ પૂજા કરે છે. ગૌમાતાનું ઋણ વ્યક્ત કરવાનો. એમનો પ્રયત્ન જોઇને મેં પણ સહજપણે તે બન્નેને મદદરૂપ થવા બાજુની ગલ્લીમાં ગાયનો ગોઠો બતાવ્યો. સંયોગ એવો બન્યો કે ત્યાં ગાય પણ હતી અને વાછરૂ પણ હતું. આજકાલ આવું મળી આવવું થોડું કઠીન જ છે. બન્ને મા-દિકરી સાથે મારૂ મન પણ ખુશ થઇ ગયું. બન્નેએ મારો આભાર માન્યો અને એમના ઘરે જરૂરથી આવવાનું આમંત્રણ પણ આપ્યું. હું પણ તેમના ઘરનો પત્તો લઇને એમના ઘરે ગઇ. આ વાતને ૪-૫ વર્ષ વિતી ગયા. ત્યાર બાદ બન્ને કુટુંબનું વાર-તહેવારે સુખ-દુ:ખ એકબીજાને ત્યાં જવા-આવવાનું શરૂ થયું.

આ પ્રસંગ જીવનમાં સહજપણે ઘટી ગયો. આવી અનેક ક્ષણો અને પ્રસંગો જીવનમાં આવે છે. એનો યોગ્ય ઉપયોગ કરીએ તો આપણા મનમાં પ્રેમ જાગે અને નવા સંબંધો બંધાય. એકબીજાના આચાર-વિચાર સંસ્કાર એક સરખા હોય તો સકારાત્મક ઘટના કેવી રીતે ઘટે છે એનો અનુભવ મને વસુ-બારસના પૂજનના દિવસે મળ્યો.

ભાગ-દોડના આધુનિક જીવન શૈલીના કારણે શહેરોમાં વસતા લોકોના મનમાં જે દુરી આવી ગઇ છે તે દુર કરવામાં નક્કી આપણને મદદ મળશે. માણસો-માણસોમાં આવી ગયેલી દુરી કમ થશે એવું મારું માનવું છે. ધાર્મિક સંસ્કારો આપવાવાળા દાદા-દાદી હવે ગામડે રહે છે એટલે બાળકો ઉદ્ધત જોવા મળે છે. ગૌમાતાના લીધે એવું અજાણ્યા કુટુંબ સાથે ઘનીષ્ઠ સંબંધો બંધાયાનો સુખદ અનુભવ આવ્યો એ ગૌમાતાને મારા વંદન...નમન...



સૌ. ગીતાબેન ગીરધરભાઇ ચૌહાણ
ઔરંગાબાદ (મહારાષ્ટ્ર)




KIA

Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.

**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







cromā

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333




Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750 Rajen A. Rathod - 9898 907744

Ashok A. Rathod - 9898 907740 Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**



LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com
LALITHA PUBLIC SCHOOL
Fly With Me
Director :
Mrs. Chetna Raju Tank
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)

॥ ઓમ શાંતિઃ ॥

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



**બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર**
(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

Mob. 98252 97341

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)

## માધવ સ્વીમીંગ – કુકમા











આપના શુભ પ્રસંગો, પારિવારીક ઉત્સવો, જન્મદિન જેવા પ્રસંગે પરિવાર સહીત ફરવાલાયક ઉત્તમ સ્થળ...

સ્વિમીંગ પુલ, બાગ-બગીચા સહીત નયનરમ્ય વાતાવરણનો આનંદ માણો...



**શ્રી રામેશ્વરમ્ એગ્રી ફાર્મ – માધવ સ્વીમીંગ**

આકાશવાણી રેડીયો સ્ટેશન ફાટકથી બે કી.મી. અંદર, કુકમા (કચ્છ)

**શ્રી રામેશ્વરમ એસ્ટેટ બ્રોકર**

બેંક ઓફ બરોડાની બાજુમાં, બસ સ્ટેશન પાસે, કુકમા

**માધવ સ્વીટ એન્ડ નમકીન**



શ્રી હરગોવિંદભાઈ એચ. ચૌહાણ
પ્રમુખશ્રી, કુકમા ઘટક
મો. ૯૮૨૫૫ ૧૪૩૫૧

શ્રી માધવ એચ. ચૌહાણ
કુકમા
મો. ૯૫૩૭૧ ૮૨૭૭૮



YOGESH CHAWDA



Aatur Chawda
(M.Arch Texas Univ.)



Raunak Chawda
(B.E. Civil, MBA)



# vedbhumi

## VEDBHUMI BUILDERS & DEVELOPERS PVT.LTD.
## VEDBHUMI INFRAPROJECTS PVT. LTD.

1st Level, Bhumi Arcade, Near Garden, Lakadganj, Nagpur - 08.
Ph.: 0712 - 2760512 | e-mail : info@vedbhumi.com | www.vedbhumi.com
Residence : "Amber", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35.
M : +91 9373129642 | M : +91 7773933433

---

**Meena Y. Chawda | Abhilasha A. Chawda**

**(Chandia)**




Khodiyar Engineering Works

Urja Engineering Company

Perfect Power Systems

Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009

*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

**Besides the manufacturing of Panel, we also attain works such as**

~ Installation of DP Structure.
~ Installation of Cables and connecting them, etc.
~ Supply of Transformers and Vaccume Circuit Breaker
~ Rewinding Of all types of Motors and Generators.
~ Filtration and supply of Transformer Oil.
~ Supply of All types of Switchgears.
~ All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



**Authorised Dealer**

C&S electric | AVOCAB WIRES & CABLES | HPL The Power of Technology | connectwell THE RIGHT CONNECTION

**Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.**
**Ph. (0) +91 2836 233791 • Fax : +91 2836 233761**
**E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com**
**Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com**




With Best Compliments



**Vipin Rathod**
Managing Director

UNITRON

The Instrumentation People

# UNITRON INSTRUMENTATION PVT. LTD.

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India. Our major customers are Aerospace Industry, Automobile Industry, Steel Industry, Foundry & Forge Industry and Surface Coating Industry.






**Head Office**
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore- 560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Email- info@unitron.in unitron@vsnl.net Web: www.unitron.in
**Branch Office: Chennai, Delhi(Gurgoan), Pune**

**Developers and Sponsorers of Home Page of Rathods of Khambra**
**www.rathodsofkhambra.in**

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Published on November-2023
Postal Registration No. G-KCH-185/2023-2025 Posted at S.O. BHUJ on 2nd of Every Month.

|| જય સીયારામ ||



# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર

# SHREE RAM GROUP OF INDUSTRIES

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય - કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ-કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

### દાન માટે અપિલ :-

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.
**PAN NO. AABTS 4600 B**

| | |
|---|---|
| રૂા. ૫૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી |
| રૂા. ૧૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી |
| રૂા. ૫,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી |
| રૂા. ૬,૦૦૦/- | નું દાન આપનાર દત્તક દાતાશ્રી (એક વિદ્યાર્થીનીની સત્ર ફી ભરી વિદ્યાદાન આપી શકાય છે.) |
| રૂા. ૪,૦૦૦/- | નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી |
| રૂા. ૨,૦૦૦/- | નું દાન આપનાર આજીવન સભ્યશ્રી |

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

**આપના વિનમ્ર**

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક

મુદ્રક અને પ્રકાશક : વિનોદ મોહનલાલ ખોડીયાર એ આ મુખપત્રના માલિક : શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા (પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા), 'અંબર' વાત્સલ્ય ભૂમિ, વાઠોડા, નાગપુર - ૩૫ (મહારાષ્ટ્ર), મો. ૯૩૭૩૧૨૯૬૪૨ વતીથી, શ્રી ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.